RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 103* Date: 09.02.2022 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભાજપે મેનિફેસ્ટોને લોક કલ્યાણ સંકલ્પ પત્ર નામ આપ્યું છે

# ભાજપ દ્વારા ઉત્તરપ્રદેશ ચુંટણી ઢંઢેરો અમિત શાહે જાહેર કર્યો



લખનૌ,તા.૮

ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ આજે પોતાનો મેનિફેસ્ટો જાહેર કરી દીધો છે. ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરાને લોકકલ્યાણ સંકલ્પ પત્ર ૨૦૨૨ નામ આપ્યું છે. પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સીએમ યોગીની સાથે આ મેનિફેસ્ટો જાહેર કર્યો છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં ઉત્તર પ્રદેશનો દરેક ક્ષેત્રમાં વિકાસ થયો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ગુનેગારોને આજે રાજકારણમાં કોઈ સ્થાન નથી. સીએમ યોગીએ ગુનામુક્ત બનાવવાનું કામ કર્યું છે. સીએમ યોગીએ પ્રશાસનનું રાજનીતિકરણ પણ બંધ કર્યું.તેમણે કહ્યું કે ૨૦૧૭ના સંકલ્પ પત્રમાં ૨૧૨ સંકલ્પ હતા, જેમાંથી ૯૨ ટકા ઠરાવો પૂર્ણ થઈ ગયા છે. આ વખતે ફરી ભાજપ યુપીમાં સીએમ યોગીના નેતૃત્વમાં બહુમતિથી સરકાર બનાવશે. પીએમ મોદીએ ખેડૂતોના ખાતામાં દર વર્ષે ૬ હજાર રૂપિયા મોકલવાનું કામ કર્યું છે. બીજી તરફ, સીએમ યોગીએ સરકાર બન્યાના બે મહિનામાં નાના અને મધ્યમ ખેડૂતોની ૮૬ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરવાનું કામ કર્યું.

ભાજપના ચૂંટણી ઢંઢેરામાં રોજગારી અને સ્વાસ્થ્ય વિશે જણાવાયું છે કે - દરેક પરિવારમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિને રોજગારી અથવા સ્વરોજગારનો મોકો અપાશે,- રાજ્યના દરેક વિભાગની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે,- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ફ્રીમાં કોચિંગ અપાશે,- ૨ કરોડના ટેબ્લેટ અથવા સ્માર્ટફોન વહેંચવામાં આવશે,- દરેક ગ્રામપંચાયતમાં જિમ અને રમવા માટે મેદાન બનાવાશે,- લાઈફ સપોર્ટવાળી એમ્બ્યુલન્સની સંખ્યાં ડબલ કરી દેવાશે,- દરેક જિલ્લામાં ડાયાલિસિસ કેન્દ્ર,- એમબીબીએસ સીટ્સ બમણી કરાશે - ૬૦૦૦ ડોક્ટર અને ૧૦ હજાર પેરામેડિકલ સ્ટાફની નિમણૂક કરાશે

જયારે ખેડૂતો માટે મેનિફેસ્ટોમાં જણાવાયું છે કે ખેડૂતોને સિંચાઈ માટે વીજળી મફત મળશે,- ૫ હજાર કરોડની કૃષિ યોજના,- ૨૫ હજાર કરોડની સરદાર પટેલ એગ્રી-ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન,- બટાટા, ટામેટાં અને ડુંગળી જેવા દરેક પાક ટેકાના ભાવે ખરીદવા માટે ૧ હજાર કરોડ,- શેરડી ખેડૂતોને ૧૪ દિવસની અંદર ચુકવણી, મોડું થશે તો વ્યાજ સહિત ચુકવણી કરવામાં આવશે જયારે મહિલાઓ માટે જાહેરાત કરાઇ છે કે કોલેજ જતી દરેક મહિલાને ફ્રીમાં સ્કૂટી,ઉજ્જવલાનાં દરેક લાભાર્થીને દિવાળીમાં ૨ ફ્રી એલપીજી સિલિન્ડર,- કન્યા સુમંગલા યોજનામાં સીમા ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર કરાઈ,- ગરીબ પરિવારની દીકરીઓને લગ્ન માટે રૂ. ૧ લાખની આર્થિક મદદ,- મિશન પિંક ટોઇલેટ માટે ૧૦૦૦ કરોડ,- વિધવા અને નિરાશ્રિત મહિલાઓને મહિને રૂ.૧૫૦૦ પેન્શન,- ૩ નવી મહિલા બટાલિયન,- ૧ કરોડ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે ૧ લાખ રૂપિયા સુધીની ન્યૂનતમ લોન અપાશે,- ૬૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને મફતમાં યાત્રા,- મહિલા એથલીટોને ૫ લાખ રૂપિયા સુધીની આર્થિક મદદ જયારે મેનિફેસ્ટોમાં વિદ્યાર્થીઓ માટે - દરેક મંડળમાં એક યુનિવર્સિટી - અલીગઢમાં રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ યુનિવર્સિટી, આઝમગઢમાં મહારાજા સુહેલદેવ યુનિવર્સિટી. સહારનપુરમાં મા શાકુમ્ભરી દેવી યુનિવર્સિટી, લખનઉમાં યુપી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોલીસ એન્ડ ફોરેન્સિક સાયન્સ, અયોધ્યામાં આયુષ શૈક્ષણિક સંસ્થાન, ગોરખપુરમાં ગુરુ ગોરક્ષનાથ આયુષ યુનિવર્સિટી, પ્રયાગરાજમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ નેશનલ લો યુનિર્વસિટી અને મેરઠમાં મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું કામ પુરૂ કરવામાં આવશે. - બીજેપીનો ચૂંટણી ઢંઢેરો જાહેર થયા પછી યોગીએ કહ્યું આ ૨૫ કરોડ લોકોના જીવનમાં પરિવર્તન લાવનાર પત્ર છે. ૫ વર્ષ પહેલાં પણ અમે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સંકલ્પ પત્ર રજૂ કર્યું હતું. તે સંકલ્પોને મંત્ર બનાવીને જે કહ્યું હતું તે કરીને બતાવ્યું છે. આગળ પણ જે કહીશું તે કરીને બતાવીશું.

ભાજપના ચૂંટણી ઢંઢેરાની અન્ય મોટી જાહેરાતો જોઈએ તો - મેરઠમાં કોતવાલ ધન સિંહ ગુર્જર અથ્યાધુનિક પોલીસ ટ્રેનિંગ સેન્ટર - લવ જેહાદ પર ૧૦ વર્ષની જેલ અને ૧ લાખનો દંડ,- મેરઠ, રામપુર, આઝમગઢ, કાનપુર અને બહચરાઈમાં એન્ટી ટેરરિસ્ટ કમાન્ડો સેન્ટર બનાવાશે,- પ્રત્યેક પોલીસ સ્ટેશનમાં સાઈબર હેલ્પ ડેસ્ક,- ૫ વિશ્વ સ્તરીય એક્ઝીબિશન અને અત્યાધુનિક કન્વેંશન સેન્ટર બનાવાશે,- ૩ અત્યાધુનિક ડેટા સેન્ટર પાર્ક,- કાનપુરમાં મેગા લેધર પાર્ક - ૧૦ લાખ રોજગારી અને સ્વરાજોગારની તક આપવામાં આવશે - બાબુજી કલ્યાણ સિંહ ગ્રામ ઉન્નત યોજના- વારાણસી, મિર્ઝાપુર અને ચિત્રકૂટમાં રોપ-વે સેવા - ૨૦૦ નવી બસોની માધ્યમથી દરેક ગામોમાં બસની સુવિધા આપવામાં આવશ.ભાજપના ચુંટણી ઢંઢેરો જારી થયા બાદ સપા સુપ્રીમો અખિલેશ યાદવે ટ્વિટ કરીને ભાજપના સંકલ્પ પત્રાને ખોટુ ગણાવ્યું છે. અખિલેશે ટ્વિટ કરીને કહ્યું છે કે, જેમના વાયદા ખોટા છે, વાતો જુઠ્ઠી છે, જેઓ દર વખતે જનતાને છેતરે છે...તેઓ ઘોષણા પત્ર કાઢે, સંકલ્પ પત્ર, વચન પત્ર અથવા શપથ પત્ર.... ઉત્તરપ્રદેશની જનતા તેમના પર વિશ્વાસ નહી કરે. ભાજપે વિશ્વાસ ગુમાવી દીધો છે. ખેડૂત લખીમપુર, મહિલા હાથરસ, યુવા અલાહાબાદ, વેપારી ગોરખપુર અને સામાન્ય જનતા કોરોના નહી ભૂલે.તેમણે કહ્યું કે ભાજપે માત્ર રાજયમાં નફરતની રાજનીતિ રમી છે.

## કોરોના મહામારી સામે લડવા પીએમ કેર ફંડમાંથી ૩૯૭૬ કરોડ ખર્ચ થયા

,નવીદિલ્હી,તા.૦૮

પીએમ કેર ફંડની સ્થાપના કોરોના ફાટી નીકળવા જેવી કટોકટી (કુદરતી આફતોથી આગળ) માટે દાન એકત્રિત કરવા માટે કરવામાં આવી હતી. વડાપ્રધાન આ ફંડના હોદ્દેદાર અધ્યક્ષ છે અને તમામ યોગદાનને આવકવેરામાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવે છે. આપેલ માહિતી દર્શાવે છે કે તેની કામગીરીના પ્રથમ વર્ષમાં રૂ. ૭,૦૧૪ કરોડ બિનઉપયોગી ભંડોળ તરીકે બાકી છે. ખર્ચમાં પ્રવાસી કલ્યાણ માટે રૂ. ૧,૦૦૦ કરોડ અને કોવિડ રસીની ખરીદી માટે રૂ. ૧,૩૯૨ કરોડથી વધુની રકમનો પણ સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ (૨૦૨૦-૨૧) દરમિયાન લગભગ રૂ. ૪૯૪.૯૧ કરોડ વિદેશી યોગદાનના રૂપમાં અને રૂ. ૭,૧૮૩ કરોડથી વધુ સ્વૈચ્છિક યોગદાનના રૂપમાં ફંડમાં આવ્યા હતા. જયારે પાછલા નાણાકીય વર્ષ (૨૦૧૯-૨૦) દરમિયાન ફંડમાં કુલ રૂ. ૩,૦૭૬.૬૨ કરોડનું દાન પ્રાપ્ત થયું હતું, જે ૨૭ માર્ચ ૨૦૨૦ના રોજ આ ફંડની રચનાના માત્ર પાંચ દિવસમાં એકત્ર કરવામાં આવ્યું હતું. ૨.૨૫ લાખની પ્રારંભિક રકમ સાથે પીએમ કેર ફંડ બનાવવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી નાગરિક સહાયતા અને રાહત ફંડ (PM CARES Fund) ની વેબસાઈટ પર પોસ્ટ કરાયેલ વિગતો અનુસાર, તેમાં "માત્ર વ્યક્તિઓ/ સંસ્થાઓના સ્વૈચ્છિક યોગદાનનો સમાવેશ થાય છે અને કોઈ બજેટરી સહાય પ્રાપ્ત થઈ નથી". સરકારે વેન્ટિલેટર સહિતના તબીબી સાધનો ખરીદવા, કોવિડ-૧૯ સામેની લડાઈને મજબૂત કરવા અને સ્થળાંતર કરનારાઓને રાહત આપવા માટે ફંડનો એક ભાગ પણ સમર્પિત કર્યો છે. જો કે, વિરોધ પક્ષોએ પીએમ કેર્સ ફંડની ટીકા કરી અને દાવો કર્યો કે તેનું યોગદાન અને ખર્ચ પારદર્શક નથી. બીજી તરફ સરકારે આ આરોપને નકારી કાઢ્યો છે. એડવોકેટ સમ્યક ગંગવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં PM કેયર્સ ફંડને બંધારણ હેઠળ "રાજ્ય" જાહેર કરવાની માંગ કરવામાં આવી છે જેથી કરીને તેની કામગીરીમાં પારદર્શિતા આવે. ઉપરાંત, તેમની અન્ય અરજીમાં માંગ કરવામાં આવી છે કે પીએમ કેર્સને "જાહેર સત્તા" તરીકે RTI હેઠળ લાવવામાં આવે.


## અંબાણીને પછાડી ગૌતમ અદાણી બન્યા એશિયાના સૌથી ધનવાન વ્યક્તિ

મુંબઇ,તા.૮

ભારતીય અબજોપતિ અને અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે . બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સની યાદીમાં ગૌતમ અદાણીએ મુકેશ અંબાણીને પછાડીને વિશ્વના સૌથી ધનિકોની યાદીમાં ૧૦મું સ્થાન મેળવ્યું છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર સોમવારે ગૌતમ અદાણીની નેટવર્થ ૮૮.૫ બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે, જે મુકેશ અંબાણીના ૮૭.૯ બિલિયન ડોલર કરતાં વધુ છે. અદાણી આ વર્ષે તેમની વ્યક્તિગત સંપત્તિમાં લગભગ ૧૨ બિલિયન ડોલરના ઉછાળા સાથે વિશ્વના સૌથી વધુ સંપત્તિ એકત્ર કરનાર વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે.ફોર્બ્સની યાદીમાં પણ ગૌતમ અદાણીએ મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. ગ્રીન એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં પ્રવેશ બાદ અદાણી ગ્રૂપના કેટલાક લિસ્ટેડ શેરોએ છેલ્લા બે વર્ષમાં ૬૦૦% થી વધુની વૃદ્ધિ નોંધાવી છે. અદાણીએ કોમોડિટી ટ્રેડિંગ બિઝનેસમાંથી બિઝનેસની દુનિયામાં પ્રવેશ કર્યો હતો અને આજે તેમનો બિઝનેસ પોર્ટ્સ, માઈન્સ, ગ્રીન એનર્જી સહિતના અનેક ક્ષેત્રોમાં ફેલાયેલો છે.છેલ્લા ત્રણ વર્ષમાં દેશના સાત એરપોર્ટનું સંચાલન તેમના હાથમાં આવ્યું છે. તેમનું ગ્રુપ દેશનું સૌથી મોટું ખાનગી ક્ષેત્રનું એરપોર્ટ ઓપરેટર, પાવર જનરેટર અને સિટી ગેસ રિટેલર છે. ૨૦૨૦ની શરૂઆતથી અદાણી ગ્રીન અને અદાણી ટોટલ ગેસના શેરમાં ૧૦૦૦ ટકાથી પણ વધુની વૃદ્ધિ નોંધાઇ છે. આ સમયગાળા દરમિયાન, અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડ ૭૩૦ ટકા, અદાણી ટ્રાન્સમિશન ૫૦૦ ટકા અને અદાણી પોર્ટ્સના શેર ૯૫ ટકાથી પણ વધારે ઉછળ્યાં છે.

## છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોવિડ-૧૯નાં ૬૭,૫૯૭ નવા કેસ નોંધાયા



નવીદિલ્હી,તા.૮

આજે સમગ્ર વિશ્વમાં કોરોનાનો કહેર યથાવત છે. આ એક એવો વાયરસ છે જે સતત મ્યુટેટ થઇ રહ્યો છે. તાજેતરમાં જ તેના ઓમિક્રોન વેરિઅન્ટે દુનિયાભરમાં પ્રવેશ કર્યો છે. સ્થિતિ સતત ખરાબ બનતી જઇ રહી છે, ત્યારે બીજી તરફ ભારતમાં કોરોનાનાં કેસમાં સતત ઘટાડો થઇ રહ્યો છે.

દેશમાં કોરોનાનાં કેસોની સંખ્યામાં ઘટાડો થવા લાગ્યો છે, પરંતુ મૃત્યુઆંક હજુ પણ ભયજનક છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોવિડ-૧૯નાં ૬૭,૫૯૭ નવા કેસ નોંધાયા છે, ૧,૮૦,૪૫૬ લોકો સ્વસ્થ થયા છે અને ૧,૧૮૮ લોકો કોરોનાને કારણે મૃત્યુ પામ્યા છે. કોરોનાનાં નવા કેસની વાત કરીએ તો ગઈકાલની સરખામણીમાં આજની સંખ્યા ૧૯.૪ ટકા ઓછી છે. ભારતનો કોરોના રિકવરી રેટ હાલમાં ૯૬.૪૬ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં આ વાયરસને કારણે ૧,૧૮૮ લોકોનાં મોત થયા છે, જેમાંથી ૮૬૦ લોકોએ એકલા કેરળમાં જીવ ગુમાવ્યા છે. દેશમાં આ રોગચાળાથી મૃત્યુઆંક વધીને ૫,૦૪,૦૬૨ થઈ ગયો છે. ભારતમાં સક્રિય કેસ લોડ ૧૦ લાખથી ઘટીને હાલમાં ૯,૯૪,૮૯૧ પર આવી ગયો છે, જેની સાથે કુલ કેસનો સક્રિય દર પણ ઘટીને ૨.૩૫% પર આવી ગયો છે. જ્યારે દૈનિક પોઝિટિવિટી રેટ ૫% પર પહોંચી ગયો છે. આ સાથે દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧,૭૦,૨૧,૭૨,૬૧૫ કરોડ રસીનાં ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૫,૭૮,૨૯૭ લોકોને રસી આપવામાં આવી છે.

રિકવરી રેટ હાલમાં ૯૬.૪૬% છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૮૦,૪૫૬ સાજા થવા સાથે, આ રોગચાળામાંથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૦૮,૪૦,૬૫૮ થઈ ગઈ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા જારી કરવામાં આવેલા ડેટા અનુસાર, ગઈકાલે ભારતમાં કોરોના વાયરસ માટે ૧૩,૪૬,૫૩૪ સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે, જેનાથી દેશમાં ટેસ્ટિંગની કુલ સંખ્યા ૭૪,૨૯,૦૮,૧૨૧ થઈ ગઈ છે.

## પાંચ રાજયોની ચૂંટણી બાદ પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારાનો મોટો 'ડામ' લાગશે

નવીદિલ્હી,તા. ૮

ભારતમાં કેટલાક વખતથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઇ બદલાવ કરવામાં આવતો ન હોવા છતાં પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી પછી મોટા ભાવવધારા માટે આમ આદમીએ તૈયારી રાખવી પડશે.કારણ કે, છેલ્લે બે મહિનામાં વિશ્ર્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં ૨૪ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે અને ભારતીય વપરાશકારો ઉપર તેનો ડામ આવશે તે નિશ્ચિત છે.

વિશ્વબજારમાં ડીસેમ્બર-જાન્યુઆરી દરમિયાન ક્રૂડ તેલ ૨૪ ટકા મોંઘુ થઇ ગયું છે અને હાલ ૯૩ ડોલર આસપાસ પ્રતિ બેરલનો ભાવ છે. કેન્દ્રીય પેટ્રોલીયમ પ્રધાન હરદીપસિંહ સૂરીએ રાજયસભામાં એક લેખિત જવાબમાં કહ્યું હતું કે, ૧લી ડીસેમ્બરે ક્રૂડ તેલનો ભાવ ૭૧.૩૨ ડોલર હતો તે ૩૧ ડીસેમ્બરે ૮૯.૪૧ ડોલર થઇ ગયો હતો.

ભારતમાં પેટ્રોલ-ડીઝલનો ભાવ આંતરરાષ્ટ્રીય કિંમતોના આધારે જ નક્કી થતો હોય છે. નવ વર્ષ બાદ પ્રથમ વખત ક્રૂડ તેલમાં તે જ ભાવવધારો છે. જાન્યુઆરીમાં ક્રૂડ તેલ ૧૯ ટકા મોંઘુ થયું છે જે ૧૯૯૭ બાદ એક મહિનામાં સૌથી મોટો ભાવવધારો સૂચવે છે. સરકારી તેલ કંપનીઓ માર્ચ મહિનાથી પેટ્રોલ-ડીઝલની રીટેલ કિંમતમાં ભાવવધારાનો સીલસીલો શરુ કરી શકે છે કારણ કે ત્યારે ચૂંટણી પૂર્ણ થઇ ગઇ હશે. વિશ્વબજારમાં ક્રૂડ તેલનો ભાવ થોડી વખત ૯૪ ડોલરને આંબીને ૯૩ ડોલર બોલાતો હતો. કેન્દ્ર સરકાર પાંચ રાજયોની ચૂંટણીને ધ્યાને રાખીને પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઇ વધારો કરતી નથી.

યુક્રેન અને રશિયાની તંગ સ્થિતિને કારણે ક્રૂડ તેલ મોંઘુ રહ્યું છે.ચાર નવેમ્બર પછી વિશ્વસ્તરે ક્રૂડ તેલમાં પ્રતિ બેલરે ૧૨ ડોલરનો વધારો થયો છે. જે ૧૫ ટકા થવા જાય છે. ભારતીય પેટ્રોલીયમ નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ભારતમાં પેટ્રોલ-ડીઝલનો ભાવ નક્કી કરવાનું પેટ્રોલીયમ કંપનીને સોંપી દેવાયાનું ભલે સરકાર કહેતી હોય પરંતુ વાસ્તવમાં અત્યારે સરકારે જ રાજકીય કારણોસર ભાવવધારાને બ્રેક મરાવી છે. પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ સરકાર ભાવવધારાની છૂટ આપી દેશે અને તે સાથે રીટેલ માર્કેટમાં પેટ્રોલ-ડીઝલમાં બેફામ ભાવવધારાનો દોર શરુ થઇ જશે. ભૂતકાળમાં પશ્ચિમ બંગાળની ચૂંટણી વખતે જ આવો જ ઘટનાક્રમ સ ર્જાયો હતો અને તેનું પુનરાવર્તન થવાની શક્યતાનો ઈક્રાર થઇ શકે તેમ નથી.

પેટ્રોલ-ડીઝલના ભાવવધારાના સંજોગોમાં મોંઘવારીનો પણ નવો પડકાર સર્જાવાની આશંકા છે. વાસ્તવમાં સરકાર દૈનિક થોડો-ઘણો ભાવવધારો લાગુ પાડવા લાગે તો લોકોમાં ખાસ ઉહાપો ન થાય અને ફુગાવો પણ ધીમી ગતિએ વધે પરંતુ પુાંચ રાજયોની ચૂંટણી પછી એકસામટો મોટો ભાવવધારો થવાના સંજોગોમાં મોંઘવારી પણ કમ્મરતોડ વધવાનો ભય છે.

## રાજ્યસભામાંથી ૫ ભાજપ અને ૬ કોંગ્રેસના સભ્યો સેવાનિવૃત્ત થશે

નવીદિલ્હી,તા.૮

સંસદના ઉપલા ગૃહ રાજ્યસભાના ૧૯ સભ્યોનો કાર્યકાળ એપ્રિલમાં પૂરો થઈ રહ્યો છે. તેમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના પાંચ અને કોંગ્રેસના છ સાંસદોનો પણ સમાવેશ થાય છે. આ સભ્યોની સેવાનિવૃત્તિ બાદ રાજયસભામાં કોંગ્રેસની સંખ્યા ૩૪થી ઘટીને ૨૮ થઈ જશે, જયારે ભાજપની ૯૭માંથી ઘટીને ૯૨ થઈ જશે. ૨૪૫ સભ્યોના ગૃહમાં ભાજપ હજુ પણ સૌથી મોટી પાર્ટી છે. રાજ્યસભામાંથી નિવૃત્ત થનારાઓમાં કોંગ્રેસના આનંદ શર્માનું નામ પણ સામેલ છે. સોમવારે આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન તેમણે બે સંકેતો પણ આપ્યા કે આ તેમનો છેલ્લો કાર્યકાળ હોઈ શકે છે. શર્માનો કાર્યકાળ ૨ એપ્રિલે પૂરો થવાનો છે. આ સિવાય પૂર્વ રક્ષા મંત્રી એકે એન્ટની, પ્રતાપ સિંહ બાજવા, શમશેર સિંહ ડુલ્લો, રિપુન બોરા, રાની નારા અને હિમાચલ પ્રદેશના એક સભ્યનો કાર્યકાળ પણ સમાપ્ત થવા જઈ રહ્યો છે. સુબ્રમણ્યમ સ્વામી, સુરેશ ગોપી, રૂપા ગાંગુલી, શ્વેત મલિક અને પત્રકાર સ્વપ્ના દાસગુપ્તા પણ આમાં સામેલ છે. આ સિવાય મેરી કોમ અને અર્થશાસ્ત્રી નરેન્દ્ર જાધવનો કાર્યકાળ પણ સમાપ્ત થશે. માત્ર સભ્ય નાગા પીપલ્સ ફ્રન્ટના કેજી કીને પણ સેવાનિવૃત્ત થશે. તો લોકતાંત્રક જનતા દળના એમવી શ્રેયમ્સ કુમાર, સુખદેવ સિંહ ઢિંડસા, પંજાબમાંથી શિરોમણી અકાલી દળના નરેશ ગુજરાલ, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના કે સોમા પ્રસાદ અને ઝરના દાસ બૈદ્ય ત્રિપુરા) પણ એપ્રિલમાં નિવૃત્ત થશે.

## તંત્રી સ્થાનેથી...

# પ્રશંસનીય દૃષ્ટાંત



***સંસદના બજેટ સત્રના પહેલા અઠવાડિયામાં રાજ્યસભામાં સો ટકા કામકાજ થયું. આ ઘટના ઉલ્લેખનીય જ નહીં, પરંતુ પ્રશંસનીય પણ છે. ઉચ્ચ સદનનું આ રીતે અડચણ વગર ચાલવું એટલા માટે સ્વાગતયોગ્ય છે, કારણ કે એવું બહુ ઓછી વખત જોવા મળે છે. ખરું તો એ છે કે હાલના સમયમાં લોકસભા કરતાં ય વધુ હંગામો રાજ્યસભામાં જોવા મળ્યો છે. જ્યારે માન્યતા અને અપેક્ષા એવી છે કે ઉચ્ચ સદનમાં ધીર-ગંભીર ચર્ચા થવી જોઇએ અને તેણે સાર્થક ચર્ચા મામલે અન્ય વિધાનસભાઓ માટે ઉદાહરણ પૂરું પાડવું જોઇએ. એક એવા સમયે જ્યારે સંસદ હંગામા, શોરબકોર અને નહિ ચાલવા માટે જ વધુ ઓળખાતી હોય ત્યારે રાજ્યસભામાં યોગ્ય રીતે કામકાજ થવાનું મહત્ત્વ એટલા માટે ઓર વધી જાય છે, કારણ કે તેનો અંદેશો હતો કે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓને લઈને પક્ષ-વિપક્ષમાં જોરદાર તકરાર થશે. અંદેશો એ પણ હતો કે ક્યાંક વિપક્ષી દળો સરકારને ઘેરવાના નામે પાછલાં સત્રોની જેમ જૂના મુદ્દા ઉછાળવાનું કામ ન કરવા લાગે.***

***એવું લાગે છે કે વિપક્ષને એ સમજાઈ ગયું છે કે પાછલાં સત્રોમાં તેણે જે નાહકનો હંગામો કર્યો હતો અને સંસદના કામકાજને જાણીજોઈને ખોરવ્યું હતું, તેનાથી તેને કશું જ હાંસલ નથી થયું. સચ્ચાઈ જે પણ હોય, એ સમજવું જોઇએ કે સંસદ ચર્ચા માટે છે, નહિ કે નારેબાજી માટે. આ કામ તો સડકના રાજકારણનું છે. તેની અવગણના ન કરવી જોઇએ કે પાછલાં સત્રોમાં કઈ રીતે સંસદના બંને સદનોમાં જાત-જાતના નારાવાળી તક્તીઓ લહેરાવવામાં આવતી હતી અને સદન ચલાવવાની તમામ જવાબદારી સત્તાપક્ષ પર નાખીને સંસદ પરિસરમાં વિપક્ષો ધરણાં-પ્રદર્શન કરતા રહેતા હતા. આ બધાથી સદનની ગરિમાને ઠેસ પહોંચતી હતી, એટલું જ નહીં રાષ્ટ્રના સમય અને સંસાધનની બરબાદી પણ થતી હતી. એ સાચું છે કે સંસદની કાર્યવાહી ચલાવવી સત્તાપક્ષની જવાબદારી છે, પરંતુ તેનો એ અર્થ નહીં કે વિપક્ષ હંગામો કરવાની જિદે ચડે અને સદન નહિ ચાલવાનો દોષ સરકાર પર નાખતો રહે. સંસદ ત્યારે જ યોગ્ય રીતે ચાલી શકે, જ્યારે સત્તાપક્ષની સાથે જ વિપક્ષ પણ પોતાની જવાબદારીનો પરિચય આપે. જો વિપક્ષ રાષ્ટ્રીય મહત્ત્વના દરેક વિષય પર પ્રશ્ન પૂછવા તૈયાર દેખાય તો સત્તાપક્ષે પણ તેનો જવાબ આપવા માટે તત્પર રહેવું જોઇએ. પક્ષ-વિપક્ષમાં તીખી ચર્ચા અને દલીલો થાય તેનો વાંધો નહીં, પરંતુ જો સંસદમાં ફક્ત હંગામો જ થાય તો પછી તે જનતાની આકાંક્ષાઓ પર ખરી ન ઉતરી શકે. બજેટ સત્રના પહેલા અઠવાડિયામાં રાજ્યસભામાં કોઈ અડચણ વિના જે રીતે કામકાજ થયું તે એક દૃષ્ટાંત બનવું જોઇએ. એની સાથે જ કોશિશ એ પણ હોવી જોઇએ કે સંસદમાં ચર્ચાનું સ્તર ઊંચું ઊઠે. તેનાથી જ લોકતંત્ર સશક્ત થશે.***

# લતા મંગેશકરની અસ્થિ કાશીમાં ગંગામાં પ્રવાહિત કરવામાં આવશે



મુંબઈ,તા.૮

સ્વર કોકિલા લતા મંગેશકરની અસ્થિ મહાદેવની નગરી કાશીમાં ગંગાજીમાં પ્રવાહિત કરવામાં આવશે. મળતી માહિતી મુજબ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ લતા મંગેશકરના પરિવાર સાથે કાશીમાં હાજર રહેશે. લતા મંગેશકરનું ૬ ફેબ્રુઆરીએ નિધન થયું હતું. લતાજી પંચતત્વમાં વિલીન થઈ ગયા છે. શિવાજી પાર્ક ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. લતાદીદીને તેમના ભાઈ હૃદયનાથ મંગેશકર દ્વારા અગ્નિદાહ આપવામાં આવ્યા હતા અને આગલા દિવસે તેમના ભત્રીજા આદિનાથ મંગેશકરે લતાજીની અસ્થિઓ પ્રાપ્ત કરી હતી. હવે લતાજીની અસ્થિઓનું ગંગા મૈયામાં વિસર્જન કરવામાં આવશે.સુત્રોના જણાવ્યા અનુસાર, જો કે પરિવારે હજુ સુધી એ નથી જણાવ્યું કે લતા મંગેશકરની અસ્થિ ક્યાં પ્રવાહિત કરવામાં આવશે, પરંતુ સુત્રોના જણાવ્યા અનુસાર, લતા મંગેશકરની અસ્થિને વારાણસીના ગંગા ઘાટ પર પ્રવાહિત કરવામાં આવશે. લતાદીદીએ તેમના જીવનકાળમાં ક્યારેય લગ્ન કર્યા નથી. તેઓ હંમેશા તેમના ચાર ભાઈ-બહેનો સાથે રહેતા હતા, જેઓ સંગીત ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. લતાના પિતા દીનાનાથ મંગેશકર સ્વર્ગસ્થ મરાઠી અભિનેતા અને શાસ્ત્રીય ગાયક હતા. દીનાનાથ અને શેવંતી મંગેશકરને પાંચ બાળકો હતા અને તેમાંથી એક લતાદીદી હતા. લતા મંગેશકર તેમના તમામ ભાઈ-બહેનોમાં સૌથી મોટા હતા, ત્યારબાદ મીના ઘડીકર, આશા ભોસલે, ઉષા મંગેશકર અને સૌથી નાના હૃદયનાથ મંગેશકર હતા. તમામ મંગેશકર ભાઈઓ અને બહેનોએ સંગીત ક્ષેત્રે ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. પદ્મ વિભૂષણ, ભારત રત્ન, દાદાસાહેબ ફાળકે જેવા પુરસ્કારોથી સન્માનિત સ્વર કોકિલા તરીકે ઓળખતા હતા મહાન ગાયિકા લતા મંગેશકરના નિધનથી આખો દેશ શોકમાં છે. સિનેમા જગતથી લઈને રમતગમત, રાજકારણ અને ઉદ્યોગ જગતના લોકો તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. સોશિયલ મીડિયા પર તેમને શ્રદ્ધાંજલિ આપવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઘણી જગ્યાએથી એવી તસવીરો પણ સામે આવી રહી છે જ્યાં આ સમાચાર સાંભળીને ચાહકો પોતાના આંસુ રોકી શકતા નથી. લતા મંગેશકર ગયા મહિનાથી મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા.

# ખેડૂતોના હાથમાં મોબાઈલ ટીવી : કૃષિ સમસ્યાનું સમાધાન કરતી 'એગ્રીમિડીયા ટીવી નિ:શુલ્ક મોબાઈલ એપ

કૃષિ ક્ષેત્રે કામગીરી કરી રહેલ ડિજીટલ એગ્રીમિડીયા એ ઈલેક્ટ્રોનિક મીડિયા કંપની છે જે વર્ષ ૨૦૦૫માં ગાંધીનગર ખાતે શરૂ થઈ હતી. જે ઑડિઓ-વિડિયો ફિલ્મ નિર્માણ, પ્રસાર અને પ્રચાર માટે કાર્યરત છે. આ સંસ્થા દ્વારા કૃષિ ક્ષેત્રના વિકાસ માટે ઓડિયો વિઝ્યુઅલ ડોક્યુમેન્ટેશનની મદદથી કૃષિ ક્ષેત્રને આગળ વધારી ખેડૂતોને શિક્ષિત કરવાનો ઉમદા અભિગમ સાથે કામ કરી રહેલ છે. ડિજીટલ એગ્રીમિડીયા દ્વારા ગુજરાતી ભાષામાં ૧૨૫ અને હિન્દી ભાષામાં ૬૦ ડિજીટલ સાહિત્ય તૈયાર કરેલ છે. જેમાં કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગ્રામીણ વિકાસ, સહકાર અને સંલગ્ન ક્ષેત્રોને આવરી લેતા ખેડૂત સમુદાય માટે ઈ-સાહિત્ય તરીકે એગ્રીમિડીયા વિડિઓ ફિલ્મ નિર્માણ કરેલી છે.

ડિજિટલ એગ્રીમિડીયા દ્વારા એગ્રીમિડીયા ટીવી મોબાઈલ નિ:શુલ્ક એપ ભારતીય ખેડૂત સમુદાયના લાભ માટે વિકસાવવામાં આવી છે. મોબાઈલ કૃષિ ટીવી એપ વાપરવી ખૂબ જ સરળ છે જેમાં ખેડૂતોને તમામ કૃષિ માહિતી અને અપડેટ વિડિઓ સ્વરૂપે આપવામાં આવે છે. મોબાઈલ એપ્લીકેશન અને ઓનલાઈન સેવાઓને કારણે આ એપ્લિકેશન ખેડૂતોમાં ખૂબ પ્રખ્યાત છે. એગ્રીમિડીયા એપ ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના પ્રયાસોને સરળ બનાવી રહી છે.

આ એપ્લિકેશનની મદદથી ખેડૂતો તેમની સમસ્યાઓનું નિરાકરણ તુરંત ખેતરમાં જ મેળવી શકે છે, અને તેમના કૃષિ ઉત્પાદનમાં વધારો કરી શકે છે. એગ્રીમિડીયા ટીવી એપ્લિકેશન દ્વારા ખેડૂતો કૃષિ, પશુપાલન, ગ્રામ વિકાસ, કૃષિ ટેકનોલોજી, સરકારી યોજનાઓ, સફળ ગાથાઓ વિડીયો સ્વરૂપે જોઈ શકે છે તેમજ કૃષિ સમાચાર, ઈ-લાઈબ્રેરી, ફોનબુક, કેલ્ક્યુલેટર, હવામાન, ઈમેજ ગેલેરી, વિડીયો ગેલેરી વગેરે દ્વારા રાજ્ય, દેશ અને વિદેશમાં થતી કૃષિ સંશોધનોનો લાભ લઈ શકે છે. વિશેષમાં આ એપ દ્વારા કૃષિ ઉત્પાદનોના ખરીદ-વેચાણ અને કિસાન મોલ છે જે ખેડૂતોની આવક વધારવા માટે ખુબજ ઉપયોગી છે અને ખાસ કરીને ગ્રાહકોને સસ્તા ભાવે ખેડૂતો પાસેથી સીધે સીધું જ અનાજ, કઠોળ, શાકભાજી વગેરે મળી રહે તેવી સુવિધા ઊભી કરેલ છે.

એગ્રીમિડીયા ટીવી મોબાઈલ એપ તદ્દન નિ:શુલ્ક છે અને તેને ઁ્દ્બઙ્મી ઙ્મટ્ઠઅ જીાી અને છ્ૈંઙ્મી છ્ જીાી પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાય છે. તે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. ભારતમાં આ પ્રકારની પ્રથમ મોબાઈલ નિ:શુલ્ક એપને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર, નવી દિલ્હી દ્વારા ડિજિટલ માર્કેટિંગ શ્રેણીમાં શ્રેષ્ઠ રાષ્ટ્રીય પુરસ્કાર પણ આપવામાં આવ્યો છે. તેમજ ડિજિટલ એમ્પાવર્મેન્ટ ફાઉન્ડેશન દ્વારા સાઉથ એશિયામાં શ્રેષ્ઠ ઈનોવેશન માટે ૧૦ Mbilllion Awards એગ્રીમિડીયા ટીવી મોબાઈલ એપને આપવામાં આવેલ છે.

આ નિ:શુલ્ક ઍપ્લિકેશનમાં ૧૧ પ્રશ્નોનું સમાધાન આપવામાં આવે છે. જે ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષામાં વિના મૂલ્યે ઉપલબ્ધ છે.

૧. વિડીયો વિભાગ : ખેડૂતો, વિદ્યાર્થીઓ અને કૃષિકારો માટે કૃષિ, બાગાયત, પશુપાલન, પ્રાકૃતિક ખેતી, ટેક્નોલોજી, ગ્રામવિકાસ, સરકારી યોજનાઓ, સફળ ગાથા વગેરેનો વિડીયો દ્વારા અભ્યાસ.

૨. ખેડૂતોની સમસ્યાઓનું સમાધાન : ઘર, ખેતર અને ગામ બેઠા પ્રશ્નોનું વિના મૂલ્યે નિવારણ

૩. ઓનલાઈન ખરીદ વેચાણ પ્લેટફોર્મ : મોબાઈલ પર વિના મુલ્યે ઓનલાઈન વેચાણ કરી ખેડૂતોને વધારે આવકની તક સાથે ગ્રાહકોને બજારમાં મળતી કિમત થી ઓછા ભાવે ખરીદી.

૪. બજારભાવ : કોઈપણ માર્કેટ યાર્ડના ભાવ ઘર બેઠા ગ્રાફીક્સ સાથે ઓનલાઈન જાણો.

૫. કૃષિ સમાચાર : કૃષિ ક્ષેત્રે થતી રોજ બરોજની નવીન જાણકારી અને સમાચાર

૬. ડીજીટલ લાઈબ્રેરી : ઈ-પ્લેટફોર્મ તરીકે ડીજીટલ લાઈબ્રેરીમાં વિના મુલ્યે કૃષિ મેગેઝીનો અને ઈ-બુકસ અને અન્ય સાહિત્યની ઉપલબ્ધિ .૭. ફોનબુક : ખેડૂતોની સરળતા માટે જીલ્લાની મહત્વની કચેરીઓનાં નામ, સરનામાં, મોબાઈલ નંબર, ઈમેલ અંગેની માહિતી.

૮. એગ્રી કેલ્ક્યુલેટર : ખર્ચ ઘટાડવા અને આવક બમણી કરવા માટે એગ્રી કેલ્ક્યુલેટર.

૯. હવામાન : રોજ બરોજના હવામાનની જાણકારી મેળવ્યા બાદ જ કૃષિ કાર્યો કરવાનું આયોજન.

૧૦. કિસાન મોલ : બિયારણ, ખાતર અને દવા ખરીદવા માટે ઓનલાઈન કિસાન મોલનો ઉપયોગ.

૧૧. એગ્રીમિડીયા ફિલ્મ : ઘર બેઠા ટેકનીકલ વિડીયો જોઈ, કૃષિ માહિતી મેળવવા માટે એગ્રીમિડીયા ફિલ્મ.

એગ્રીમીડીયા ટીવી એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે :

એંડ્રોઈડ ફોન : http://bit.ly/AgriMedaTV અને

આઈફોન : https://apps.apple.com/in/app/agrimedia/id1434653553

આ અંગેની વિશેષ માહિતી મેળવવા માટે જગદીશભાઈ ધાનાણી (મો. ૯૪૨૭૦૫૦૭૩૩ / ૯૭૨૩૭૩૪૪૪૭) તેમજ ઈમેલ digital.agrimedia@gmail.com પર સંપર્ક કરવો.

## કોટનમાં ૧૫,૯૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૮૧,૮૨૫ ગાંસડીના સ્તરે

# ક્રૂડ તેલના ઓપ્શન્સમાં રૂ.૪,૬૫૦ કરોડ અને નેચરલ ગેસના ઓપ્શન્સમાં રૂ.૨૦૦ કરોડનાં નોંધપાત્ર કામકાજ

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં પરસ્પર વિરૂદ્ધ ચાલ: ક્રૂડ તેલમાં નરમાઈનો માહોલ: મેન્થા તેલ, રબર ઘટ્યા

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૫૧,૮૭૯ સોદાઓમાં કુલ રૂ.૧૩,૨૮૬.૭૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૪૧ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૧૩૧ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૧૭૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૫૫,૮૧૯ સોદાઓમાં રૂ.૪,૯૫૬.૨૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૯.૯૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪.૯૨ કરોડ, બિનલોહ ધાતુઓના ઓપ્શન્સમાં રૂ.૦.૮૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્સન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૬૫૦.૧૫ કરોડનાં ૬૭,૫૫,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦૦.૪૬ કરોડનાં ૫૯,૦૭,૫૦૦ એમએમબીટીયૂનાં કામકાજ થયાં હતાં.

વાયદાની વાત કરીએ તો, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં ૪૨,૦૮૪ સોદાઓમાં કુલ રૂ.૨,૬૩૫.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૨૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૩૦૦ અને નીચામાં રૂ.૪૮,૧૭૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯ વધી રૂ.૪૮,૨૩૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૩૮,૬૬૩ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ વધી રૂ.૪,૮૧૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૮૭૦ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૯૨૦ અને નીચામાં રૂ.૬૧,૫૨૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૪ ઘટી રૂ.૬૧,૭૫૧ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૪૭ ઘટી રૂ.૬૨,૦૪૧ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૬૨ ઘટી રૂ.૬૨,૦૩૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૦,૯૬૫ સોદાઓમાં રૂ.૨,૧૯૨.૭૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૬૦ વધી રૂ.૨૫૩.૭૫ અને જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૩૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫.૦૫ ઘટી રૂ.૭૪૯.૫૦ અને નિકલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૫.૧ ઘટી રૂ.૧,૭૫૯.૧૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૮૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૪૦,૯૯૫ સોદાઓમાં કુલ રૂ.૩,૩૧૬.૩૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૮૦૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૮૩૭ અને નીચામાં રૂ.૬,૬૪૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૦૪ ઘટી રૂ.૬,૬૯૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬૦ વધી રૂ.૩૧૪.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૭૧૭ સોદાઓમાં રૂ.૬૭.૨૬ કરોડનાં કામકાજ થયા હતા. રબર ફેબ્રુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૦૦૦ અને નીચામાં રૂ.૧૭,૦૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦ ઘટી રૂ.૧૭,૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૩.૮૦ ઘટી રૂ.૯૬૦.૧૦ અને કોટન ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૩૭,૪૨૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૬,૫૭૫ સોદાઓમાં રૂ.૧,૨૩૧.૫૮ કરોડનાં ૨,૫૫૨.૮૦૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૫,૫૦૯ સોદાઓમાં કુલ રૂ.૧,૪૦૪.૩૭ કરોડનાં ૨૨૬.૭૧૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯,૨૦૩ સોદાઓમાં રૂ.૨,૦૭૫.૬૮ કરોડનાં ૩૦,૭૯,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧,૭૯૨ સોદાઓમાં રૂ.૧,૨૪૦.૬૪ કરોડનાં ૩,૮૮,૫૩,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૫૧૭ સોદાઓમાં રૂ.૫૯.૮૩ કરોડનાં ૧૫૯૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૯૯ સોદાઓમાં રૂ.૭.૪૧ કરોડનાં ૭૬.૬૮ ટન, રબરના વાયદાઓમાં ૧ સોદાઓમાં રૂ.૦.૦૨ કરોડનાં ૧ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૯૪૨.૭૨૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૭૮.૨૫૮ ટન, ક્રૂડ તેલમાં ૧૧,૭૧,૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૨,૧૭,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૮૧૮૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૯૨.૦૪ ટન, રબરમાં ૬૭ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૯૯ સોદાઓમાં રૂ.૧૧૮.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૩૨૨ સોદાઓમાં રૂ.૨૬.૪૧ કરોડનાં ૩૭૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૬૯ સોદાઓમાં રૂ.૭૩.૭૦ કરોડનાં ૭૯૭ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૫૧૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૩૮૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૪,૧૪૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૪૩ અને નીચામાં ૧૪,૧૦૨ના સ્તરને સ્પર્શી, ૪૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭ પોઈન્ટ ઘટી ૧૪,૧૨૫ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૮,૫૩૧ના સ્તરે ખૂલી, ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૯ પોઈન્ટ ઘટી ૧૮,૪૩૯ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે એનર્જી ઈન્ડેક્સનો ફેબ્રુઆરી વાયદો ૬,૭૬૪ના સ્તરે ખૂલી, ૧૭૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૦ પોઈન્ટ ઘટી ૬,૬૬૪ થયો હતો.

## શ્રી ગુરૂકૃપા આશ્રમ—આણંદપર સંચાલીત કામધેનુ ગૌશાળામાં લુલી—લંગડી ગાયોનું આશ્રય સ્થાન

# રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયાની ઉપસ્થિતિમાં જીવદયા શ્રેષ્ઠીઓની મીટીંગ યોજાઈ




મહંત શ્રી અખંડઆનંદ ભારતી બાપુ (ઉપલેટા મોજ આશ્રમ), ગુરૂ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર વિધ્વંભરભારતી બાપુ (ભારતી આશ્રમ, જુનાગઢ/ સરખેજ) વર્તમાન આશ્રમ શ્રી અખંડઆનંદ ભારતી બાપુ આણંદપર કામધેનુ ગૌશાળા ગુરૂકૃપા આશ્રમ, આણંદપર—નિકાવા હાઈવે ખાતે લુલી-લંગડી—અસહાય ગૌમાતાઓની સેવા થઈ રહી છે ગૌશાળામાં ૬૦ ગૌમાતાનો નિભાવ થઈ રહયો છે. ગૌબર અને ગૌમૂત્રમાંથી પંચગવ્ય ઉત્પાદનો બનાવવામાં આવી રહયાં છે. સાધ્વી રાધાનંદ ભારતીજી ગુરૂશ્રી અખંડઆનંદ ભારતી બાપૂ (મોજ આશ્રમ ઉપલેટા, રાષ્ટ્રીય ગોરક્ષા વાહિની, મહારાષ્ટ્ર અધ્યક્ષ) દ્વારા પંચગવ્ય ઉત્પાદન કરવાનું કાર્ય કરી રહયા છે. અયોધ્યા અને ઉતરપ્રદેશમાં ઘણાબધા પંચગવ્યો ઉત્પાદનના કાર્યો સાધ્વી રાધાનંદ ભારતીજીએ કર્યા છે તથા ગૌકથાઓના માધ્યમથી લોકોને જાગૃત કરવા, ગૌસેવા માટે પ્રેરીત કરવા, કિશાન ભાઈઓને ગૌમાતાથી જોવા, ગૌરક્ષા આંદોલન કરવા, ગૌરક્ષામાં સહભાગી થવા, પંચગવ્યના ઉત્પાદન થકી તેનું વેંચાણ કરવા તથા કથાઓના માધ્યમથી ગૌશાળાઓને આર્થિક સહાય તથા સ્વાવલંબી કરવા તથા દરેક સ્કૂલ, કોલેજોમાં જઈને શહેર તથા ગામડાઓમાં જઈને ગૌમાતાનું મહત્વ સમજાવીને ગૌ પ્રોડકટસ વાપરવા સમજાવવા, દેશી ગૌમાતાઓને બચાવવા જનજાગૃતિ કરવાનો સાધ્વી રાધાનંદ ભારતીજીનો મુખ્ય ધ્યેય છે. રવિવારે તા. ૩૦નાં રોજ શ્રી કામધેનુ ગૌશાળા, શ્રી ગુરૂકૃપા આશ્રમ (હનુમાનધાર), રાજકોટ-કાલાવડ રોડ, મું. આણંદપર, તા. કાલાવડ, જી. જામનગર ખાતે રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા, એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, જાહેર જીવનના અગ્રણી મુરલીભાઈ દવે, શ્રીજી ગૌશાળાના રમેશભાઈ ઠક્કર,મનસુખભાઈ જેસડીયા (સરપંચ—આણંદપર), રાજેશભાઈ મારવીયા (સરપંચ—નિકાવા),કાંતિભાઈ પટેલ સહિતની ઉપસ્થિતિમાં જીવદયા શ્રેષ્ઠીઓની મીટીંગ યોજાઇ હતી.

શ્રી ગોપાલા ચેરીટેબલ ટ્રસ્ટશ્રી કામધેનું ગૌશાળા, રાજકોટ-કાલાવડ રોડ આણંદપરમાં આવેલ કામધેનુ ગૌશાળામાં અંધ—અપંગ—અશકત-ગૌમાતાની સેવા થાય છે. પ્રાચીન કાળથી જ ગાયને માતાનો દરજ્જો પ્રાપ્ત થાય છે. ગાયને ખુબ જ પવિત્ર અને પુજનીય માનવામાં આવે છે. કહેવાય છે કે, ગાયની પુજા કરનારને બધા દેવી દેવતાઓની કૃપા પ્રાપ્ત થઈ જાય છે તેથી જ આજના આ કળયુગમાં પણ ગાયની પુજા, સેવા અને ગાય માટે આપણાથી બનતુ કઈક કરી છૂટવાની ભાવનાને પ્રાધાન્ય આપવામાં આવે છે. કહેવાય છે કે, ગાય એ સકારાત્મક ઉર્જાનો વધારો કરે છે અને તેનુ દુધ, ગૌમૂત્ર, ગોબર વગેરે કેન્સર જેવા રોગો સામે પણ રક્ષણ આપે છે જે ખરેખર ચમત્કાર કહી શકયા. મહાભારતના રાજા યુધિષ્ઠિર ગાયના દુધને અમૃત તુલ્ય માન્ય છે. યશે જયારે પ્રશ્ન પુછયો કે પૃથ્વીનું અમૃત કયું છે, ત્યારે યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે ગાયનુ દૂધ એક માત્ર પૃથ્વી પરનુ અમૃત છે. આમ પુરાતન કાળથી ગાયને સર્વોપરી માનવામાં આવી છે. પ્રાચીન કાળમાં ઘરે ઘરે ગાય પાળવામાં આવતી, પરંતુ આજના યુગમાં એ શકય નથી જેને કારણે ગૌપ્રેમી વ્યકિતઓ ગૌપુજનથી વંચતી રહે છે. આપણે કદાચ કોઈ ગાયને ખરીદીને ગૌશાળામાં ન આપી શકીએ પણ ગાયનો નિભાવ ખર્ચ આપીને આ સમાજ સેવાના કાર્યમાં આપણો અમુલ્ય ફાળો આપી કૃતાર્થ થઈને તો જ અમુલ્ય માનવ દેહ સાર્થક થયો કહેવાય. જેમાં ઘણા દાતાઓએ દાન વરસાવ્યું. મનસુખભાઈ જોટડીયા- સરપંચ આણંદપર , રાજુભાઈ મારવિયા - સરપંચ આણંદપર ,દેવદાનભાઈ ઝીરીયા- માજી તાલુકા પંચાયત પ્રમુખ કાલાવડ , જાડેજા બચુભા ચનુભા- માજી સરપંચ આણંદપર (રૂ. ૧૧,૦૦૦/-) , ચંદુભાઈ હુંબલ – મુરલીધર ફાર્મ ( ૧ મેટાડોર નીરણ ) , અભેસંગભાઈ ડોડીયા- મેટોડા ( ૧ મેટાડોર નીરણ ),દેવદાનભાઈ શિયાળ- રાજકોટ, આહીર કન્યા છાત્રાલય, ધ્રોલ ( ૧ મેટાડોર નીરણ ) , દોલુંભાઈ સાંકટિયા – ગાયત્રી ડેરી ફાર્મ, રાજકોટ (૧ મેટાડોર નીરણ ), ધનાભાઈ શિયાળ – મુરલીધર વે બ્રિજ (૧ મેટાડોર નીરણ ) , જીણાભાઈ વશરામભાઈ મીર – રાજકોટ (૧ મેટાડોર નીરણ ) , તેજાભાઈ સાકરીયા – ગાયત્રી ડેરી ફાર્મ , જંકશન –રાજકોટ , પરેશભાઈ ચાવડા –બાલાજી ઓટો , વશરામભાઈ લૈયા – આહીર બિલ્ડર, રાજકોટ. સહિતનાનો સમાવેશ થાય છે. કામધેનુ ગૌશાળાઓની સેવાકીય પ્રવૃતિઓમાં સર્વરોગ નિદાન કેમ્પ, બટુક ભોજન, પથીકાશ્રમ, પક્ષીઓને ચણ, વૃક્ષારોપણ, વટેમાર્ગનીસેવા વિગેરે અનેક પ્રકારની સેવાઓ કરવામાં આવ છે. કામધેનુ ગૌશાળાનો એક દિવસનો નિભાવ ખર્ચ રૂા.૨૧૦૦ (કોઈપણ તિથી નિમીતે), એક ગૌમાતાનો એક મહિનાનો ખર્ચ રૂા. ૨૧૦૦, એક ગૌમાતાનો એક વર્ષનો ખર્ચ રૂા. ૨૧૦૦૦, લીલા ઘાસની રીક્ષા અંદાજીત ૫૦ મણ રૂા. ૩૦૦૦, લીલાઘાસની મેટાડોર અંદાજીત ૧૦૦ મણ રૂા. ૫૧૦૦૦, આજીવન તિથી નિમીતે નિરણ માટે રૂા. ૨૧૦૦૦ આપી શકાય છે. આ સંસ્થામાં આપવામાં આવતુ દાન કલમ ૮૦—જી હેઠળ કરમુકત છે. સંસ્થાની બેંક વિગત, એકસીસ બેંક, મેટોડા જી.આઈ.ડી.સી. શાખા, રાજકોટના ખાતા નં.૯૧૫૦૨૦૦૧૬૩૭૦૦૪૦ તથા IFSC Code : UTTB0000809, Micr Code : 360211003 ...hyાપી શકાય છે. કામધેનુ યુવા ગ્રુપ, શ્રી કામધેનુ ગૌશાળા, શ્રી ગુરૂકૃપા આશ્રમ (હનુમાનધાર), રાજકોટ-કાલાવડ રોડ, મું. આણંદપર, તા. કાલાવડ, જી. જામનગર, મો. ૯૮૨૫૦૨૩૧૯૪, ૯૭૧૨૨૧૧૧૦.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No/0044**

વિષયઃ- પ્રેમ સંબંધમાં ચણતર,પ્લાસ્ટરમાં હસ્તાક્ષર
પ્રકારઃ- પધ( તાન્કા)
શીર્ષકઃ- દિલનાં હસ્તાક્ષર
શબ્દ સંખ્યાઃ- ૨૪

પ્રેમ સંબંધ
કેરું ચણું મકાન
કરવા મારે
પ્રેમ કેરાં પ્લાસ્ટરે
દિલનાં હસ્તાક્ષર.
પ્રેમ સંબંધ
મા-બાપ સંતાનોનો
રહે અતૂટ
પ્રેમ કેરાં પ્લાસ્ટરે
દિલનાં હસ્તાક્ષરે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

**NOG SS NO- 0088**

વિષય શબ્દ- પ્રેમ સંબંધમાં ચણતર અને પ્લાસ્ટરમાં હસ્તાક્ષર..
પ્રકાર- પધ
શીર્ષક- ક્રૌંક્રીટની કોટડી!

પ્રેમની ઊઠતી સરવાણી ત્યાં રાત જાગે છે રંગીન થઈ..
હુતો-હુતી ઘર-ઘર રમતાં રીસામણાં મનામણાં કરતાં કંઈ..
સાથે ઓફિસ આવતાં જાતાં ગુસપુસ વાતો કરતાં કાંઈ..
નાનકાં પેલાં મુન્નો-મુન્ની ઘરની કોટડીમાં રહ્યાં એકલાં પુરાઈ...
બારી બહાર તાકીને જોતાં, એ તો વારંવાર કરતાં રીપીટ..
બાઈ બેસીને ટીવી જુએ ને રામો બેઠો ફોન કરે રિસીવ..
મહારાજ બેઠો માવો ખાવા ને મેળીયું ઘસે ઘિસપિસ..
નાનકાં ભૂખે ખૂબ ટળવળતાં રોઈ કરતાં ચીસાચીસ..
વૃદ્ધાશ્રમે બુઢાં મા-બાપ બેઠાં, મનમાં રાખી ઘણીરે પ્રીત..
રાત આખી આશા ગૂંથે, સૂતાં છોકરાં બાથમાં ભરીને લઇ..
રાત અંધારી વિતશે આપણી છૈયાં ભણીને થાશે મોટાં તૈ..
ઘર ચણ્યું છે મજબૂત કોંક્રિટે પણ એમાં હૂંફની ઇંટો નહીં..
સમયના વહેણમાં વલખતાં બાળપણને લાગણીનાં હસ્તાક્ષર નહીં..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

**NOG SS No.111**

વિષયઃ પ્રેમસંબંધમાં ચણતર/પ્લાસ્ટર માં હસ્તાક્ષર
પ્રકારઃ ગદ્ય /વાર્તા
શીર્ષકઃ લાગણીની ચોપાટ
લેખિકાઃ ભાવના દેસાઈ 'ભાવુ'

સ્નેહા અને સંવેદ એટલે યૌવનના જોમથી છલકાતાં બે હૈયાં. બંને સફળ કારકિર્દી ધરાવતાં હતાં. બંને એકબીજાને મન મૂકીને પ્રેમ કરતાં હતાં અને મધુર દાંપત્યજીવન માણી રહ્યા હતાં.બંનેને જોઈને થાયકે સાચેજ, પ્રેમ એટલે બે હૃદય- મનનું સાયુજ્ય.ભીતર રહેલી સંવેદનાઓના હસ્તાક્ષર.પ્રેમની લાગણી સમજાય ત્યાં વાચાની પણ જરૂર રહેતી નથી.

ટૂંક સમયમાં સ્નેહાને તેની કંપની તરફથી અમેરિકા જવાની તક મળી.આઈટી ક્ષેત્રે ઉજ્જ્વળ ભવિષ્ય નાં દ્વાર ખૂલ્લાં હતાં. સ્નેહા દ્વિધામાં પડી. સંવેદ વિનાનું જીવન તો તે કલ્પી શકે તેમ ન હતી. સાથે ડર પણ હતો કે બે ખંડ વચ્ચે નું અંતર અંગતજીવન માં બાધારૂપ ન બને.આમ □દયનાં સ્પંદનો વચ્ચે વેદના તરફડતી હતી.તેની મનોસ્થિતિ પારખી સંવેદે તેને નિર્ણય લેવામાં સાથ આપી જવા માટે તૈયાર કરી.બંને જણાંને શું ખબર હતી કે બે વર્ષનાં વિરહમાં બંધાઈને દુનિયાનાં અલગ ખંડમાં રહેવાનું થશે !

કહેછે ને પ્રેમની ઈમારતના પાયામાં આપસી સહયોગ, વિશ્વાસ નું ચણતર મુખ્ય છે. સ્નેહા અને સંવેદ બે ખંડ વચ્ચે રહેલાં સમયનાં તફાવતને ધ્યાનમાં રાખીને એકબીજાંને સાચવી લેતાં હતાં. હિંમત આપતાં હતાં આસાન ન હતું.ખૂબ યાદ આવતી,મન વ્યાકુળ થઈ જતું.સ્નેહા કબૂલતી હતી કે તે સંપૂર્ણપણે સંવેદ પર નિર્ભર થઈ ગઈ હતી.સંવેદ તેની હિંમત તૂટવા ન દેતો.આગળ વધવાનું જોમ પૂરું પાડી જુસ્સો વધારતો હતો .તેનો વિકાસ સંવેદને કારણે શક્ય બન્યો હતો.

સંવેદ પોતાની કારકિર્દી ને કારણે સ્નેહા સાથે તો રહી ન સકતો પણ શક્ય હોય ત્યારે બંને એકબીજાને અલ્પ સમય માટે પણ મળી જતાં. બે દેશ વચ્ચેનું અંતર અંગતજીવન માં બાધારૂપ ન બન્યું ઉલ્ટું બંનેનો પ્રેમ ગાઢ બન્યો, વિરહમાં પણ બંધાઈ રહેવું શીખી ગયાં. પ્રેમની ઉર્મિથી સિંચાઇ, જન્મોજન્મ એકબીજાનાં પૂરક થઈ જીવીએ તે કામના સાથે લાગણીની ચોપાટ ઢાળી, પ્રેમનાં પ્યાદા સાથે ચણતરમાં હસ્તાક્ષર અંકિત કરી સ્નેહા અને સંવેદે જીવનમાં પ્રેમની ઈમારતને નવો ઓપ આપી દીધો.

ભાવના દેસાઈ 'ભાવુ'

---

**NOG SS No : 0001**

પ્રકાર : ગદ્ય
વિષય : પ્રેમ સંબંધ દીવાલ ઉપર ચણતર.પ્લાસ્તરમાં હસ્તાક્ષર.
શિર્ષક : હવે એ આંખો કદી નહિ ખૂલે..

એ સાલ હતી,વાર હતો,મહિનો હતો,જ્યારે સવારે સ્કૂલ પોશાક માં સ્કૂલે આવતી....
એ સ્મિત હતું જ્યારે તે માન થી કહેતી કેમ્ છો...
એ મુસ્કાન હતી જ્યારે બેન્ચ ઉપર ચાલુ ક્લાસે એક હાથ ગાલ ઉપર મૂકી આંખ ફેરવી હળવું હાસ્ય કરી જ્યારે મનોમન ભાવી જીવન ના સ્વપ્ર પરસ્પર જોતાં...અને રિષેશ માં જ્યારે હું પૂછતો કે કેમ શું થયું..?..ત્યારે જવાબ મળતો આજે સુંદર ભાવી જીવન ની સ્વપ્ર લીલા સામે બ્લેક બોર્ડ ઉપર સાહેબે લખેલા ગણિત ના દાખલા માં માણી.. જ્યારે હોમવર્ક બુક ની આપ લે થતી......અક્ષરો ના આયનામાં માં જાણે ભાવી જીવન નો લેખ વાંચતા હોય તેવો ભાસ થતો...આમ ને આમ આખી પ્રાયમરી,હાઇસ્કુલ બાળ ભવન માં વિતાવ્યા....અને અંતે એક દિવસ સાચેજ જીવન સ્વપ્ર માં જ જાણે વિતાવાના કોલ હોય તેમ કોલેજ તો અધૂરી રહી અને એકાએક શું થયું કે ત્રીજા માળ ની દીવાલ ઉપરથી મને બોલાવી નીચે ઊભો રાખી....હું આવું જ છું તેમ આકાશ માથી પરી ની જેમ સુંદર સ્કૂલ ના જ પોશાક માં જ એવી છલાંગ મારીને કૂદી કેભુ કઈક વિચારું તે પહેલાં ત્રીજા માળ ની અગાસી ની પાળી ના ચણતર,પ્લાસ્ટર ઉખડેલા તેની સાથે નીચે આવ્યા....તે મુખ ને જોતા જોતા લોહી લુહાણ શરીર ના જ્યારે તૂટેલા શરીરે ખોળા માં લઇ છેલ્લી નિશાની આપવા બેઠો...ત્યારે મો માં થી છેલ્લા શબ્દો નીકળી ગયા....પ્રેમ સંબંધ ની દીવાલ ઉપર આ તે કેવા ચણતર,પ્લાસ્ટર માં હસ્તાક્ષર રહી ગયા...જતા જતા સ્વપ્ર સંદેશ દેતી ગઈ.....જયશ્રી સાચે જ જય "શ્રી" બની ગઈ...હવે તે આંખો કદી નહિ ખૂલે...(સત્ય ઘટના) આજે તેજ તારીખ,તેજ મહિનો...ખાલી સાલ જુદી રહી ગઇ...

પ્રદીપ રાવલ : સંચાલક

---

**NOG SS N0: 0089**

વિષય પ્રેમ સંબંધની દિવાલ પર/ પ્લાસ્ટર ના હસ્તાક્ષર
શીર્ષક પ્રેમના બંધનો પાયો
પ્રકાર : ગદ્ય
પ્રવિણા અવિનાશ

પૂછીને થાય એને પ્રેમ નહી સોદો કહેવાય. પ્રેમ થાય
પછી તેમાં ભરતી જ હોય. ઓટનું નામો નિશાન ન જણાય. પ્રેમ પવિત્ર છે. પર્વતમાંથી નીકળતી નદી સમાન ન ખબર હોય તેને ગતિ કે દિશાની . બસ ગાંડીતૂર દરિયાને મળવા વહેતી હોય.
બસ આવો પ્રેમ હતો અનેરી અને વિકાસ વચ્ચે .
બાળપણમાં સાથે રમીને મોટા થયા હતા. અચાનક અનેરીને અકસ્માત થયો , બંને પગે દાઝી ગઈ હતી. વિકાસ તેનું શાળાનું ઘરકામ લાવે. અનેરી ગણિત અને અંગ્રેજી
ના વર્ગમાં પાછળ ન રહી જાય તેનું ધ્યાન રાખે.
બચપનનો નિર્દોષ પ્રેમ બંધ પાયામાંથી જ મજબૂત હતો.
કૌમાર્ય આવ્યું , નજીક આવ્યા અને કોલેજકાળ દરમિયાન પાંગર્યો.
અચાનક અનેરીની માતા અકસ્માતમાં દેવલોક પામે છે. નાની બહેન અને ભાઈની દેખરેખ માટે અનેરી અભ્યાસ અડધેથી છોડી ઘર સાચવવામાં વ્યસ્ત થઈ ગઈ.
વિકાસને મળવાનું લગભગ બંધ થઈ ગયું . વિકાસના બધા પ્રયત્ન વ્યર્થ ગયા. અનેરી સમજતી હતી પણ જવાબદારીનું ભાન હતું.
વિકાસ અભ્યાસ પુરો કરી , અમેરિકા આગળ ભણવા ઉપડી ગયો. કાગળ લખી અનેરીને જાણ કરી. ત્યાંથી
ઘણા પ્રયત્ન કર્યા.
અનેરી શાંત રહી . દિલમાં વિકાસને ચાહતી હતી. કશું કરવા સમર્થ ન હતી. માને ગયાને બે વર્ષ થયા પછી અનેરીએ કોલેજનો અભ્યાસ પૂરો કર્યો.
પાંચ વર્ષ પછી વિકાસ પાછો આવ્યો . નાની બહેન કોલેજનાં હતી. ભાઈ નોકરીની તલાશમાં હતો. અનેરીની પિતાજી પોતાના કામમાં મશગુલ રહી ઘરગૃહસથી ચલાવી રહ્યા હતા.
વિકાસ પાછો આવ્યો એ સમાચાર અનેરીને મળ્યા હતા. અનેરી મનોમન વિકાસને પોતાનો પતિ માની ચૂકી હતી. અનેરીને ખબર ન હતી કે વિકાસ એકલો પાછો આવ્યો છે કે પરણીને?
અનેરી રાહ જોઈ રહી હતી, વિકાસ મળવા આવે છે કે નહી. પાંચ વર્ષે પાછો આવ્યો હતો . અનેરી વિશે કોઈ સમાચાર ન હતા. અનેરી મળવા ન ગઈ.
ભલે ભાઈ , બહેન અને પિતાજીને સાચવતી હતી પણ વિકાસ પલ ભર વિસરાયો ન હતો . વિકાસની યાદોનું કવચ બનાવીને જીવતી હતી .
અંતરમાં વિશ્વાસ હતો. આ બાજુ વિકાસ અમેરિકા ગયા પછી અનેરીને પલભર ભૂલ્યો નહોતો. પ્રેમની જ્વાલા બંને બાજુ ભભૂકતી હતી .
બે દિવસ પછી વિકાસ અનેરીના ઘર આંગણે આવી ઊભો. નાની બહેન કોલેજથી આવી ગઈ હતી.
અનેરી બજારમાં ગઈ હતી. ઘરે પાછી આવી તેના પગ બારણામાં જડાઈ ગયા. વિકાસ તેની બહેનના હાથની ચા પી રહ્યા હતા.
અનેરીના હાથમાં થી થેલી છૂટી ગઈ. આંખોથી વાત થઈ ગઈ. આખી પ્રેમની નવલકથા વંચાઈ ગઈ. સંમતિના હસ્તાક્ષર લખાઈ ગયા !!!!!



## જ્ઞાન ઉપદેશ



ગુરૂની દયા અને ગુરૂના જ્ઞાનના વિષયમાં પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કે.. જો કોઇનું શરીર રોગથી ગ્રસ્ત હોય,મન વિષયોમાં આસક્ત હોય,તેનું ધન પણ પાપની કમાણીનું ભેગું કર્યું હોય એટલે કે તેમનું તન મન ધન ત્રણે મલિન હોય,તે ક્રૂર કર્મો કરનાર હોય તથા વિશ્વાસપાત્ર પણ ના હોય,સુખ ચૈન ના મળતું હોય અને હવાતિયાં મારતો ફરતો હોય,દુર્જનોના સંગમાં જ રહેતો હોય,પોતાના કૂળને જેને કલંકિત કર્યું હોય.. આવા વ્યક્તિને પણ જો સાચા સદગુરૂની કૃપા પ્રાપ્ત થાય તો તેનું કલ્યાણ થાય છે અને દરેક જગ્યાએ તેનો સત્કાર થાય છે.

રામચરીત માનસમાં કહ્યું છે કે.. ગુરૂ બિન ભવનિધિ તરઈ ન કોઇ,જો બિરંચિ શંકર સમ હોઇ.. ગુરૂની આવશ્યકતાની સાથે સાથે અહી કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે કેઃજો ગુરૂ મળી જાય તો તેમને શું પુછવું ? તેમની પાસેથી શું શિખવું ? ગુરૂ કેવી રીતે મળે ? જવાબ સ્પષ્ટ છે કેઃજે જિજ્ઞાસા વૃત્તિની શાંતિના માટે મનુષ્યને ગુરૂની આવશ્યકતા પડી તે સમસ્યાનું નિરાકરણ ગુરૂ પાસેથી મેળવવું જોઇએ. સંસારચક્રમાં સુખ દુઃખના ગોરખધંધાથી અસંતુષ્ઠ વ્યક્તિ ગુરૂ પાસેથી સંતુષ્ઠિ જ ઇચ્છશે.આધુનિક વૈજ્ઞાનિક મસ્તિસ્ક તર્કક્ષેત્રમાં અસફળ રહ્યો છે.તેથી ગુરૂ શરણમાં શ્રધ્ધાને અપનાવશે.સમગ્ર દુનિયાના માનવો પોતપોતાની રીતે પ્રભુનું નામ સુમિરણ કરી રહ્યા છે.કોઇ રામ રામ.. કોઇ હરિ ૐ.. કોઇ અલ્લાહ.. કોઇ વાહેગુરૂ તો કોઇ ગોડ.. એક જ માલિક પ્રભુ પરમાત્માનાં જે અનેક નામ છે તેનો બોધ કરાવવા માટે ગુરૂ તેનો પરીચય વ્યક્તિગત અનુભવથી પ્રદાન કરે છે. ×તુરંત મિલાવે રામસે ઉન્હે મિલે જો કોઇ× જે પણ તેમને મળે છે તેમને રામની સાથે કે જે ઘટઘટમાં રમી રહ્યા છે.તે જ્યોતિસ્વરૂપ પ્રભુની સાથે જોડી દે છે.ગુરૂ શબ્દનો અર્થ પણ એ જ છે કેઃ જે અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ પ્રદાન કરે.ગુરૂ સત્યનો બોધ કરાવે છે કે જેનાથી અંતરનું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર થાય છે.તેવા જ ગુરૂને ધારણ કરો કે જે સત્યની પ્રતીતિ કરાવી દે.જે અકથ છે..અવર્ણનીય છે..તેનો અમોને અનુભવ કરાવી દે.

કબીર સાહેબ કહે છે કેઃ સાધો સો સદગુરૂ મોહે ભાવે,પરદા દૂર કરે આંખનકા નિજ દર્શન દિખલાવે. ગુરૂનું આ જ કામ છે.ગુરૂ તો તે છે જે અજ્ઞાનતાનો પડદો હટાવીને અંર્તમુખ જ્યોતિનો અનુભવ કરાવે છે. હરિનામનું અમૂલ્ય રત્ન પૂર્ણ ગુરૂની પાસે હોય છે.જે તેમના આદેશ મુજબ ચાલે છે,તેને પોતાનો વ્યક્તિગત અનુભવ કરાવી દે છે.સમય સમયે અનેક મહાન વિભૂતિઓ વિશ્વમાં અવતરીત થતી રહે છે.પૃથ્વી પર અવતરીત થવા છતાં ઈશ્વર સાથે તેમનો સબંધ અતૂટ રહે છે.આ વિભૂતિઓ ઈશ્વરના પ્રતિનિધિના રૂપમાં આવે છે,તે આ વિશ્વના મિથ્યા રંગ તમાશાઓમાં ભાગ લેવા છતાં પણ તેનાથી અલિપ્ત રહીને પોતાના પ્રભુ પરમાત્માની યાદમાં તલ્લીન રહે છે અને જે પોતે પરમાત્મામાં લીન હશે તે જ સંસારના નરકમાં બળતા જીવોને પોતાના જેવી લીનતાનો માર્ગ બતાવી શકે છે.આવી વ્યાપક આત્માઓની શોધની આવશ્યકતા છે. ગુરૂની શોધ જિજ્ઞાસા ઉત્સુકતાની ઉગ્ર સ્થિતિ સાધકની પ્રથમ અને અંતિમ સીડી છે.કબીર સાહેબના શબ્દોમાં..જિન ઢૂંઢા તિન પાઇયા,ગહરે પાની પૈઠ,મૈં બાવરી ડુબનિ ડરી,રહી કિનારે બૈઠ.. શોધની સત્યતાનું આ પ્રમાણ છે.જે શોધ કરે નહી, ઉંડાણમાં ઉતરશે નહી તે શું પ્રાપ્ત કરી શકશે? તે તો કિનારા ઉપર બેસીને જ જીવનની અનમોલ ઘડીઓને ગુમાવી દેવાનો ! ગુરૂની પ્રાપ્તિના માટે હું અને મારાપણાનો ત્યાગ તથા અભિમાન રહિત નિષ્કપટ શોધની આવશ્યકતા છે.

અવતારવાણીમાં કહ્યું છે કે વેદ અને શાસ્ત્રો કહે છે કે ગુરૂની સમક્ષ આત્મ સમર્પણ કરવાથી જ પરમાત્માનાં દર્શન થઇ શકે છે અને પરમાત્માનાં દર્શન કર્યા બાદ જ મનની મુરઝાયેલી કલી ખીલી ઉઠે છે,અલૌકિક આનંદનો અનુભવ થાય છે. જો કોઇ મનુષ્ય બિલ્કુલ માનરહિત,અસહાય અને દીન હોય, જેને કોઇ ઓળખતું ના હોય,તણખલાથી પણ વધુ નિર્બળ હોય,જેની કોઇ આબરૂ ના હોય, ગરીબીના કારણે તેને કોઇ ઓળખતું ના હોય, કોઇ આદર સત્કાર આપતા ન હોય,ઘરહીન હોય,વસ્ત્રો પણ સારા ન હોય, ખાવા માટે પુરતું અનાજ પણ જેને ઉપલબ્ધ ના હોય,ભાગ્યમાં ગરીબાઇ લખાયેલી હોવાથી તેના ભાગ્ય બદલાવાની કોઇ સંભાવના પણ ના હોય.. તેવા વ્યક્તિને પણ જો સાચા સદગુરૂ મળી જાય તો આવા અભાગી અને કંગાલ વ્યક્તિને પણ અમીર બનાવી દે છે એટલે કે નામધન આપીને પળભરમાં તેનું જીવન બદલી નાખે છે.

શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન કહે છે કે જો તૂં તમામ પાપીઓ કરતાં પણ વધારે પાપ કરનાર હોય તો પણ તૂં જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિઃસંદેહ સંપૂર્ણ પાપ સાગરને સારી રીતે પાર કરી શકીશ. જેવી રીતે જહાજમાં બેસીને મનુષ્ય અગાધ સાગરને તરીને પાર કરી લે છે તેવી રીતે બ્રહ્મજ્ઞાનરૂપી જહાજના દ્વારા અત્યંત પાપી પણ તમામ પ્રકારના પાપોથી છૂટી જાય છે.તેની તમામ દુર્ભાવનાઓ દૂર થાય છે.તે સંસારરૂપી સમુદ્રથી પાર ઉતરી જાય છે. જેને ઘણા બધા પાપો કર્યા હોય તેને પણ જિજ્ઞાસા જાગૃત થયા બાદ નિરાશ ના થવું જોઇએ. પાપીમાં પાપી મનુષ્ય પણ જો ઇચ્છે તો આ જન્મમાં અત્યારે જ પોતાનું કલ્યાણ કરી શકે છે.જૂનાં પાપો એટલાં બાધક નથી જેટલાં વર્તમાન સમયનાં બાધક થાય છે.જો મનુષ્ય વર્તમાન સમયમાં પાપ કરવાનું છોડી દે અને નિશ્ચય કરી લે કે હવે હું ક્યારેય પાપ નહી કરૂં અને ફક્ત સદગુરૂના શ્રીચરણોમાં જઇ બ્રહ્મજ્ઞાન(તત્વજ્ઞાન)ને જ પ્રાપ્ત? કરીશ તો તેના પાપો નાશ થવામાં વિલંબ થતો નથી. જો કોઇ ગુફામાં સો વર્ષથી અંધકાર હોય તો તે અંધકારને દૂર કરવા માટે સો વર્ષ લાગતાં નથી. દીવો પ્રગટાવતાં ક્ષણભરમાં અંધકાર દૂર થઇ થાય છે.તેવી જ રીતે બ્રહ્મજ્ઞાન (તત્વજ્ઞાન) થતાં જ પહેલાંના તમામ પાપો નષ્ટ થઇ જાય છે.

પ્રકૃતિનું કાર્ય એવા શરીર અને સંસારના સબંધથી જ તમામ પાપો થાય છે.બ્રહ્મજ્ઞાન(તત્વજ્ઞાન) થતાં જ્યારે તમામથી સબંધ વિચ્છેદ થાય છે ત્યારે પાપો થતાં નથી.જ્ઞાનપ્રાપ્તિમાં મુખ્ય અવરોધ છે નાશવાન જડ સુખોમાં આસક્તિ.ભોગાસક્તિને લીધે મનુષ્યની પારમાર્થિક વિષયમાં રૂચી થતી નથી અને રૂચી ન હોવાથી બ્રહ્મજ્ઞાન(તત્વજ્ઞાન)ની પ્રાપ્તિ? કઠીન જણાય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## શ્રમયોગીઓને નિવૃત્તિ સમયે મળવાપાત્ર તમામ લાભો આપી દેવા આખરી હુકમ કરતા શ્રમયોગી તથા તેમના પરિવાર આનંદમય

પંચમહાલ મહીસાગર ખેડા વિગેરે જિલ્લા ના ગોધરા કાલોલ હાલોલ શહેરા લુણાવાડા તેમજ ખેડા જિલ્લાના નડિયાદ કપડવંજ આવેલ જુદા જુદા સરકારી વિભાગોમાં રોજમદાર તરીકે વર્ષોથી ફરજ બજાવતા શ્રમયોગીઓને નિવૃત્તિ સમયે કેટલાક લાભોથી વંચિત રાખતાઆ ૪૭ જેટલા કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખશ્રી એ.એસ ભોઈ નો સંપર્ક કરી તેમને થયેલા અન્યાય બાબતે રજૂઆત કરેલ જે બાબતે ફેડરેશન દ્વારા માર્ગ અને મકાન પંચાયત સ્ટેટ સિંચાઈ અને ફોરેસ્ટ વિભાગના સરકારી અધિકારીઓને નોટિસ પાઠવી નિવૃત્ત રોજમદારોને બાકી નીકળતા તમામ લાભો સમય મર્યાદામાં ચૂકવી આપવા નોટિસ પાઠવી હતી પરંતુ જે તે સરકારી કચેરીઓ તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો જેને લઈ ગુજરાત સ્ટેટ્ લેબર ફ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વકીલ શ્રી દીપક દવે મારફતે લાભથી વંચિત ૪૭ જેટલા કામદારોને રોજમદાર તરીકે સળંગ નોકરી ગણિ બાકી નીકળતા તમામ લાભો આપવા કુલ ૨૫ જેટલી એસ.સી.એ દાખલ કરેલ આ તમામ અરજીઓની સુનાવણી ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી બીરેન વૈષ્ણવ સાહેબ સમક્ષ ચાલી જતા આ કુલ ૪૭ જેટલા જુદા જુદા જિલ્લા અને તાલુકાઓમાં વિવિધ સંસ્થાઓમાં ફરજ બજાવતા નિવૃત્ત કામદારોને બે માસમાં જે પણ બાકીનીકળતા લાભોનું નાણા માં રૂપાંતર કરી તે ચૂકવી આપવાનો આદેશ કરેલ છે જે આખરી આદેશ થી મકાન અને માર્ગ પંચાયત સ્ટેટ્ સિંચાઇ વિભાગ ફોરેસ્ટ વિભાગ વિગેરેમાં ફરજ બજાવતા સભ્યો અને પરિવારોમાં ભારે આનંદ ભયો છે

?પ્રમુખશ્રી એ.એસ ભોઈ
? ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન

## આમ આદમી પાર્ટી ડાંગ દ્વારા તારીખ ૮/૦૨/૨૦૨૨ના રોજ આ ભ્રષ્ટાચાર વિરુધ્ધ ન્યાયીક તપાસની માંગ સાથે આહવા પોલિસ સ્ટાશનમાં PSI મારફતે આવેદન પત્ર આપવામાં આવિયું

આમ આદમી પાર્ટી ગુજરાત આ આવેદન પત્ર ધ્વારા આપશ્રીને રજૂઆત કરે છે કે ગુજરાત રાજયમાં છેલ્લા ઘણા વર્ષોથી સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ તેમજ વિવિધ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ધ્વારા તેઓના મળતીયાઓ અને વહીવટદારો ધ્વારા ખુબજ પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહીયો છે. એ બાબત નીર વિવાદ છે કે. સરકાર ના વિવિધ વિભાગો અને કચેરીઓ માં ભ્રસ્ટાચાર આપ્યા વગર આમ જનતા નું કોઈજ કામ થઈ શકતું નથી. અને ભ્રસ્ટાચાર એ આજના વહીવટ કામનો પર્યાય બની ચુક્યા છે. દરેક સરકારી કામ કરાવવા માટે દરેક કચેરી માં ગેરકાયદેસર રીતે એક વહીવટ દાર / દલાલ કાર્યરત હોઈ છે. અને જેતે અધિકારી નાના કે મોટા કામ માં અમુક રકમ અમુક હિસો કે અમુક સાધન સામગ્રી કે ગિફ્ટ લીધા વગર આમ આદમી નું કોઈજ કામ



કરતા નથી. આ ભ્રસ્ટાચારી બાબતો ને જનતા કે જનપ્રતિનિધિઓ ધ્વારા જે તે વિભાગ ના વડા કે સરકાર ના મંત્રી-મંત્રાલય સુધી સચોટ રજૂઆતો કરવા છતાં સરકારો તેવા અધિકારીઓ/જનપ્રતિનિધિઓ ને નિયંત્રિત કરવામાં સતત નિષ્ફળ રહી છે. તાજેતર માં શ્રી મનોજ અગ્રવાલ IPS પોલીસ કમિશનર રાજકોટ શહેર અને તેમના તાબાની ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઈન્સ્પેક્ટર ગઢવી ધ્વારા રાજકોટ ના વેપારી સાથે થયેલા છેતરપિંડીના નાણાં આરોપી પાસેથી વસૂલી ૭૫ લાખ જેવી માતબર રકમ શ્રી મનોજ અગ્રવાલ પોલીસ કમિશનર તથા PI ગઢવી ધ્વારા ભ્રસ્ટાચાર ધ્વારા વસુલવામાં આવી છે. શરૂઆત માં માત્ર અરજી તપાસ હાથમા રાખી પોલીસ અધિકારીઓએ ૭૫ લાખ જેવી વસૂલી લીધેલ છે. જે અંગે રાજકોટ ના ધારાસભ્ય શ્રી ગોવિંદ પટેલે ઘટના ની લેખિત જાણ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી ને કરી. તેમજ ફરિયાદી શ્રી સખીયાએ રૂબરૂ માં શ્રી મુખ્યમંત્રી અને શ્રી ગૃહ મંત્રી ને મદદ માટે ગુહાર લગાવતા. મુખ્યમંત્રી શ્રી ની સીધી સૂચનાથી આરોપી PI ગઢવી વિરુદ્ધ તપાસ નિમાઈ છે. એટલે સરકાર મુખ્ય આરોપી શ્રી મનોજ અગ્રવાલ પોલીસ કમિશનર વિરુદ્ધ હજુ કોઈ પણ ગુન્હો કે એફ.આર.આઈ નોંધવા ઇછુક નથી અને ભ્રસ્ટાચાર અને ભ્રસ્ટાચારીઓ ને છાવરવા જેવી વૃતિ ધરાવે છે.

આથી આમ આદમી પાર્ટી ગુજરાત ના તમામ તાલુકા જિલ્લા શહેર યુનિટ આપને આ આવેદન આપી અલ્ટીમેટ આપી જાણ કરે છે કે શ્રી મનોજ અગ્રવાલ પોલીસ કમિશનર રાજકોટ શહેર વિરુદ્ધ તાત્કાલિક એફ.આર.આઈ નોંધી ગુનાની તપાસ હાઈકોર્ટ ના સીટિંગ જજ ની નિગરાની માં. ADGP કક્ષાના પોલીસ અધિકારી ધ્વારા કરવામાં આવે અને દ્રસ્ટત રૂપે શ્રી મનોજ અગ્રવાલ પોલીસ કમિશનર રાજકોટ શહેર ની બદલી કરી ધરપકડ કરી ડિસમિસ કરવામાં આવે. આ મુદ્દો ગુજરાત ની સામાન્ય જનતાનો છે અને આમ આદમી પાર્ટી આમ જનતાના તમામ મુદ્દે લડત આપી રહેલ છે. જે આ આવેદન પત્ર થી જણાવીએ છેએ.

નરેન્દ્ર પવાર,ડાંગ



તા.૦૮/૦૨/૨૦૨૨ ના રોજ આહવા ખાતે ડાંગ જિલ્લા અન્ય ભાષા ભાષી સેલની બેઠકમા ગુજરાત પ્રદેશ અન્ય ભાષા ભાષી સેલના સંયોજક શ્રી રોહિત શર્માજી, શ્રી આશુસિંઘ લવાના, નાગેન્દ્ર શુક્લાજી, ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય બાબુરાવ ભાઈ ચૌયૉ, ઉપ પ્રમુખ ગિરીશભાઈ મોદી, આહવા તાલુકા મહામંત્રી સતિષભાઈ સેદાણે, મેરીશભાઈ પવાર, ડાંગ જિલ્લા ભાષા ભાષી સેલના સંયોજક દિનેશભાઇ દુબે, સહ સંયોજક શૈલેષભાઇ પાસી તથા ઉત્તર પ્રદેશ, બિહાર,રાજેસ્થાનના કાર્યકર્તાઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહયા હતા,આ બેઠકમા પ્રદેશ સંયોજક રોહિતભાઈ શર્મા દ્વારા માઇક્રો ડોનેશન, નમો એપ અને ઉત્તર પ્રદેશની ચૂંટણી બાબતે માર્ગદર્શન પૂરું પાડવામા આવ્યું હતું.

નરેન્દ્ર પવાર,ડાંગ



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જૈન મુનિશ્રી આચાર્ય ભગવંત પદ્મ સાગર સુરિશ્વરજી મહારાજ સાહેબની અમદાવાદમાં મુલાકાત કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા.



સુરેન્દ્રનગર નું ગૌરવ ,રિસર્ચ ફાઉન્ડેશન ના ગુજરાત ના મુખ્ય સંયોજક તરીકે નિમણુક :-સુરેન્દ્રનગર ના વૈદ્ય ( ડો) અક્ષય ધનેશચંદ્ર રાવલ ને હોલિસ્ટિક મેડિસિન રિસર્ચ ફાઉન્ડેશન(HMRF) ના ગુજરાત રાજ્ય ના મુખ્ય સંયોજક તરીકે નિમણુક કરવામાં આવી છે,આ ફાઉન્ડેશન સમગ્ર દેશ માં ભારતીય ચિકિત્સા પદ્ધતિ જેવીકે આયુર્વેદ, નેચરોપેથી,હોમીઓપેથી, એક્યુપ્રેશર, વગેરે જેવી ચિકિત્સા પદ્ધતિ માં શિક્ષણ અને સંશોધન કરવાનું કામ કરે છે,આ ફાઉન્ડેશન આગામી સમય માં ગુજરાત રાજ્ય માં ભારતીય ચિકિત્સા પદ્ધતિ નો વિકાસ અને સંશોધન થાય તે માટે ગુજરાત માં વૈદ્ય અક્ષય રાવલ ની મુખ્ય સંયોજક તરીકે નિમણુક કરેલ છે.

### આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની “સવારે ૧૦ વાગ્યે ૧૦ મીનીટે ” અમદાવાદના સનાથલ ગામમાં “હર ઘર દસ્તક”

# ૧૦ કરોડ ડોઝ વેક્સિનેશન સિધ્ધિ સંદર્ભે આરોગ્યપ્રધાને સનાથલ ગામમાં “હર ઘર દસ્તક” દઇ ને ગ્રામજનોમાં રસીકરણ માટે જુસ્સો વધાર્યો



આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગુજરાત રાજ્યની કોરોના રસીકરણ ૧૦ કરોડ ડોઝની સિધ્ધિ સંદર્ભે સવારે ૧૦:૧૦ મીનિટે અમદાવાદના સનાથલ ગામમાં “હર ધર દસ્તક” દઈ ગ્રામજનોમાં રસીકરણ માટે જુસ્સો વધાર્યો હતો.

ગુજરાતમાં કોરોના રસીકરણના ૧૦ કરોડ ડોઝ થયા હોવાના અવસરે અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે સનાથલ ગામ થકી રાજ્યના તમામ નાગરિકોનો ઉત્સાહ વધાર્યો હતો.

રાજયમાં કોરોના રસીકરણના ૧૦ ડોઝ પૂર્ણ થવાની અદ્વિતીય સિધ્ધી બદલ મંત્રી શ્રી એ રાજ્યના આરોગ્યકર્મીઓ અને નાગરિકો પ્રત્યે આભારભાવ પ્રગટ કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ૧૬ મી

## રાજ્યની કોરોના રસીકરણ કામગીરીમા ૧૦ કરોડ ડોઝની સિધ્ધી બદલ રાજ્યના આરોગ્યકર્મીઓ અને નાગરિકોનો આભાર માનતા આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ દેશભરમાં શરૂ થયેલા કોરોના રસીકરણ મહાઅભિયાન સંદર્ભે અકલ્પનીય કામગીરી “ગુજરાતે કરી બતાવ્યું છે - ૧૦ કરોડ ડોઝ”

રાજયમાં પ્રતિ દસ લાખ બે ડોઝના લાભાર્થીએ રસીના ડોઝ આપવામાં દેશના મોટા રાજ્યોમાં ગુજરાત અગ્રેસર હોવાનું મંત્રી શ્રીએ ગૌરવભેર જણાવ્યું હતું.

આરોગ્ય મંત્રીશ્રી એ કોરોના મહામારીમાં સમગ્ર રાજ્યે એકજૂથ થઈને કોરોના રસીકરણને આવકારી આ સિધ્ધિને સિધ્ધ કરી છે તેમ જણાવી રાજ્યના તમામ કોરોના વોરીયર્સ, હેલ્થકેર વર્કસ, આંગણવાડી કાર્યકરો અને નાગરિકો ૧૦ કરોડ ડોઝની સિધ્ધી સંદર્ભે અભિનંદન પણ આપ્યા હતા.

આવો જાણીએ કેવી રહી ૧૦ કરોડ રસીકરણની સફર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સમગ્ર દેશમાં અને રાજયમાં ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કોવિડ-૧૯ રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો.

૧૨મી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ સૌપ્રથમ વખત ગુજરાતને ભારત સરકારશ્રી તરફથી કોવિડ-૧૯ રસીનો જથ્થો પ્રાપ્ત થયો હતો.

સમગ્ર દેશમાં ફ્રન્ટ લાઇન વર્કરોનું રસીકરણ શરૂ કરનારૂ ગુજરાત પ્રથમ રાજ્ય છે.૩૧મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજથી ફ્રન્ટ લાઇન વર્કરોનું રસીકરણ સમગ્ર રાજયમાં શરૂ કરવામાં આવ્યું હતું.

ભારત સરકારની સુચના મુજબ ૧ માર્ચ, ૨૦૨૧થી આખા દેશની સાથે, ગુજરાતમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના અન્ય રોગો ધરાવતા બધાને કોવિડ-૧૯ની રસીકરણ શરૂ કરવામાં આવી. ૧લી એપ્રિલ, ૨૦૨૧ થી ૪૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓને રસી આપવામાં આવી છે.

૧લી મે, ૨૦૨૧ના રોજથી રાજયમાં રાજયના ૭ કોર્પોરેશન તથા ૩ જિલ્લા માં ૧૮-૪૪ વર્ષ વય જુથ માટે રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ૪થી જુન, ૨૦૨૧થી રાજયના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં આ વય જુથમાં રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. તાજેતરમાં ૩ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ રાજયના ૧૫ થી ૧૭ની વયના તરૂણો માટે કોરોના રસીકરણ કામગીરી શરૂ થઇ. ૧૦ મી જાન્યુઆરીએ રાજયના કોરોના વોરીયર્સ, ફ્રંટલાઇન વોરીયર્સ અને વયસ્કો માટે પ્રિકોશન ડોઝ આપવાની શરૂઆત થઇ. ઇન્ડિયા ટુડે હેલ્થગિરી એવોર્ડ્સ ૨૦૨૧, તા. ૦૨.૧૦.૨૦૨૧ના રોજ દિલ્હીમાં રજૂ કરવામાં આવ્યા. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી મનસુખ માંડવિયા દ્વારા ગુજરાતને ×રાજ્ય દ્વારા શ્રેષ્ઠ રસીકરણ અભિયાન× ના વિજેતા જાહેર કરી એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

-અમિતસિંહ ચૌહાણ

# સાણંદમાં ‘સ્વસ્થ માતા તો સલામત બાળ કાર્યક્રમ થકી કુપોષિત જન્મતા બાળકોની ચેન તોડી માતાઓને તંદુરસ્ત બનાવવાનો નિર્ધાર

‘સર્વે ભવન્તુ સુખિન : સર્વે સન્તુ નિરામયા’ આ એક જ શ્લોક ભારતીય સંસ્કૃતિની વ્યાપક અને સર્વસમાવેશક આરોગ્ય વિષયક વિચારધારાને પ્રસ્તુત કરે છે. તંદુરસ્ત શરીરને સુખી જીવનનું પ્રથમ સોપાન ગણવામાં આવે છે. રાજ્યનો પ્રત્યેક નાગરિક સ્વસ્થ, નિરાયમ અને દીર્ધાયુ જીવન પ્રાપ્ત કરે તે માટે રાજ્ય સરકારે જન સામાન્ય માટે આરોગ્યલક્ષી નીતિઓ અને યોજનાઓ ઘડી છે.

રાજ્ય સરકારે રાજયના અંતરિયાળ અને છેક છેવાડાના લોકો સુધી સ્વાસ્થ્યલક્ષી પ્રાથમિક સુવિધાઓ તથા આવશ્યક એવી તાત્કાલિક સારવારને સુલભ બનાવી છે. માતાના ગર્ભથી માંડીને બાળકના જન્મ સુધી તથા જીવનપર્યત સ્વાસ્થ્યલક્ષી યોજનાઓના અસરકારક અમલ દ્વારા અસંખ્ય પરિવારોને આરોગ્યલક્ષી સુરક્ષા કવચ પ્રાપ્ત થયું છે.

એટલું જ નહી, કૃષોષણ સામે યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવેલું રાજ્ય સરકારનું અભિયાન સગર્ભા-ધાત્રી માતાઓ માટે આર્શીર્વાદરૂપ બન્યું છે અને નવજાત શિશુઓના મૃત્યુદરમાં સતત ઘટાડો થઇ રહ્યો છે.

આ અભિયાનમાં રાજ્યમાં અનેકો એવી સેવાભાવી સંસ્થાઓ, એનજીઓ અને ટ્રસ્ટ સહભાગી થયા છે જેના થકી સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યો છે. આવી જ એક સાણંદ તાલુકાની જાણીતી સંસ્થા માનવ સેવા ટ્રસ્ટ છે. જે માત્ર લોકોની સુખાકારી માટે કાર્યરત છે. જેને સાણંદ જ રહેતા ૪૨ વર્ષીય મનુભાઇ બારોટ ખરા અર્થમાં સાર્થક કરી રહ્યા છે.

ટ્રસ્ટના શ્રી મનુભાઇ બારોટ કહે છે કે, માનવ સેવા ટ્રસ્ટસાણંદ દ્વારા સાણંદ તાલુકામાં માતા મરણ અને બાળ મરણ અટકાવવાનો નિર્ધાર કર્યો છે. ‘એક સ્વસ્થ બાળક જ આગળ વધીને સ્વસ્થ નાગરીક બનશે’ એ દિશામાં આજે માનવ સેવા ટ્રસ્ટ કાર્ય કરી રહ્યું છે. આરોગ્યલક્ષી સુવિધાઓ મજબૂત કરવા રાજ્ય સરકારના આરોગ્ય તેમજ અન્ય વિભાગો સાથે મળી સાણંદ તાલુકામાંથી કુપોષણ દૂર કરવાની અને માતા મરણ, બાળ મરણ અટકાવવાની નેમ માનવ સેવા દ્વારા ઉઠાવવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું. માનવ સેવા ટ્રસ્ટે તાલુકા હેલ્થ વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગ તેમજ નવજીવન ડૉક્ટર હાઉસ સાથે મળીને સાણંદ તાલુકાની ૬૭૨ સગર્ભાઓ માટે ‘સ્વસ્થ માતા તો સલામત બાળ’ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત સાણંદ તાલુકાની ૬૭૨ સગર્ભાઓને આરોગ્યલક્ષી સુવિધાઓ આપવામાં આવી રહી છે.

આઈ.સી.ડી.એસ. વિભાગ સાથે મળી સગર્ભા મહિલાઓની નોંધણી, મમતા દિવસ દરમિયાન આ સગર્ભાઓને આરોગ્યલક્ષી તપાસ, સગર્ભાઓને સોનોગ્રાફીની જરૂર પડે તો વિનામૂલ્યે સોનોગ્રાફી પણ કરી આપવામાં આવે છે.

એટલું જ નહી, માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ચોખ્ખા ઘીની સુખડી પૌષ્ટિક આહાર, પ્રસુતિના સમયે સગર્ભાને પિકઅપ અને પ્રસૂતિ બાદ ડ્રોપ કરવા એમ્બ્યુલન્સ, સાણંદ સિવિલમાં સગર્ભા મહિલા દાખલ થાય એટલે ધાબળા અને પ્રસૂતિ બાદ જ્યાં સુધી મહિલા દાખલ રહે ત્યાં સુધી ચોખ્ખા ઘીનો શીરો પૌષ્ટિક આહારના રૂપમાં પણ આપવામાં આવે છે.

સાથો-સાથ કિશીરીઓ, સગર્ભા અને ધાત્રીઓને આરોગ્ય અને પૌષ્ટિક આહાર બાબતે જાગૃત કરવા માટેના કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. તો કુપોષિત બાળકોને ટાટા મોટર્સના સહયોગથી દત્તક લઇ જ્યાં સુધી કુપોષણ મુક્ત ન થાય ત્યાં સુધી પીડિયાટ્રિશન ડૉક્ટર આતિષશાહ દ્વારાઆરોગ્ય ચેકઅપ તથા દવાઓ,બાળકોમાં થઇ રહેલ ફેરફારોને માપવા ન્યુટ્રીશન વર્કર દ્વારા મૂલ્યાંકન તેમજ સગર્ભાઓને પૌષ્ટિક આહારના રૂપમાં અક્ષયપાત્રની મદદથી રાશન કીટ પણ આપવામાં આવે છે.

આમ, માનવ સેવા ટ્રસ્ટઆરોગ્ય વિભાગના સહયોગથી સાણંદ તાલુકામાં કૃપોષિત બાળજન્મ અટકાવાનો પ્રયાસ કરી રહ્યું છેજે ખરા અર્થમાં માનવ સેવાનું કામ છે.

અહેવાલ – ગોપાલ મહેતા

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત બિનસચિવાલય કલાર્ક અને સચિવાલયના ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ -૩ ની સ્પર્ધાત્મક પરીક્ષા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

મોડાસા, તા. ૭ : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત બિનસચિવાલય કલાર્ક અને સચિવાલયના ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ -૩ ની સ્પર્ધાત્મક પરીક્ષા અરવલ્લી જિલ્લાના ૦૬ તાલુકાના ૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે આગામી તા. ૧૩ ફેબ્રુઆરી, રવિવારે યોજાશે. આ પરીક્ષામાં ૨૧ હજારથી વધુ પરીક્ષાર્થીઓ ભાગ લેશે.

કલેક્ટર ડો. નરેન્દ્ર કુમાર મીંનાએ આ સંદર્ભે પરીક્ષાર્થીઓને ખાસ જણાવ્યું છે કે, તેઓ પરીક્ષા સ્થળે નિયત સમયે પહોંચી જાય. કોઇ પણ ઉમેદવારને બપોરના ૧૨ વાગ્યા પછી કોઇ પણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહી. ઉમેદવારોને પરીક્ષાના નિયત સમય પહેલા એટલે કે, ૧૧ વાગે પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે.

આ અંગે ગાંધીનગર ખાતેથી યોજાયેલી આજે વિડિયો કોન્ફરન્સમાં કલેક્ટર ડો.નરેન્દ્રકુમાર મીંના, નિવાસી અધિક કલેક્ટર શ્રી એન.ડી.પરમાર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ગાયત્રીબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,એસટી વિભાગના અધિકારીશ્રી,યુજીવીસીએલના અધિકારીશ્રી અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રી સહિતના અધિકારીઓ સહભાગી થયા હતા.

### ગુજરાતે કરી બતાવ્યું : ૧૦ કરોડ વેક્સિન ડોઝ

# ૧૦ કરોડ વેક્સિનેસનની સિધ્ધી બાદ રાજ્યમાં ૧૦૦ ટકા રસીકરણનો નિર્ધાર કરતા આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ગુજરાતે કોરોના રસીકરણ ક્ષેત્રે રસીના ૧૦ કરોડ ડોઝ પૂર્ણ કરીને અદ્વિતીય સિધ્ધી હાંસલ કરી છે તેમ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે રાજ્યના તમામ નાગરિકો અને હેલ્થકેર વર્કસનો આ અકલ્પનીય સિધ્ધીને સિધ્ધ કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૬ મી જાન્યુઆરી ૨૦૨૧ એ આરંભેલા કોરોના રસીકરણ મહાઅભિયાનમાં રાજ્યના નાગરિકો અને સરકારના સહિયારા પ્રયાસોનું આ પરિમામ છે. રાજ્યમાં ૧૮ થી વધુ વયના ૪ કરોડ ૮૭ લાખ ૧૧ હજાર ૬૮૧ એટલે કે ૯૮.૮ ટકા લાભાર્થીઓએ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૪ કરોડ ૫૯ લાખ ૩૬ હજાર ૪૮૧ એટલે કે ૯૩.૧ લાભાર્થીઓએ રસીનો બીજો ડોઝ, રાજ્યના ૧૫ થી ૧૭ ની વયના ૨૮ લાખ ૪૪ હજાર ૪૯૬ લાભાર્થીઓ એટલે કે ૭૯.૯ ટકાને રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૧૦ લાખ




૧૦ હજાર ૨૬૭ લાભાર્થીઓ એટલે કે ૫૨.૨ ટકા એ કોરોનાની રસીનો બીજો ડોઝ અને ૧૬ લાખ ૨૧ હજાર ૧૩૮ લાભાર્થીઓ ૬૧.૩ ટકા એ કોરોનાની રસીનો પ્રિકોશન ડોઝ મેળવીને કોરોના સામે સુરક્ષા કવચ પ્રાપ્ત કર્યુંછે. આમ રાજ્યમાં ૧૦ કરોડ ૧ લાખ ૨૪ હજાર ૬૩ ડોઝ સાથે રાજ્યમાં ૯૩.૮ લાભાર્થીઓને કોરોનાની રસીના ડોઝ આપવમાં આવ્યા છે. આજે જ્યારે કોરોનાની રસીના ૧૦ કરોડ ડોઝ પૂર્ણ થયા છે ત્યારની સ્થિતિએ રાજ્યમાં કોવિશિલ્ડ રસીના ૨૩ લાખ ૯૫ હજાર ૧૩૦ અને કોવેક્સિનના ૩ લાખ ૩૩ હજાર ૩૨૦ આમ કુલ ૨૭ લાખ ૨૮ હજાર ૪૫૦ કોરોનાની રસીનો ડોઝનો બફર સ્ટોક રાજ્ય સરકાર પાસે છે.

રાજ્યમાં પ્રતિ દસ લાખ બે ડોઝના લાભાર્થીએ ૯,૯૬,૭૨૪ રસીના ડોઝ આપીને દેશમાં મોટા રાજ્યોમાં ગુજરાતે અગ્રિમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

-અમિતસિંહ ચૌહાણ

# ડીસાના બાઈવાડામાં જમીન બાબતે ધિંગાણું ખેલાતાં ૨ વ્યક્તિઓના મોત : ૩ વ્યક્તિઓ ગંભીર

બનાસકાંઠા બ્યુરો

ડીસા તાલુકાના બાઈવાડામાં બંને પિતરાઇ ભાઇ વચ્ચે જમીન બાબતે ઘણા સમયથી નજીવી બાબતે બોલાચાલી થતી હતી. ત્યારે સોમવારે આ બોલાચાલી ઉગ્ર બનતાં ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં ૨ પરિવાર વચ્ચે મારામારી સર્જાઇ હતી.

જેમાં ૫ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે ૩ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં વધુ સારવાર અર્થે પાલનપુર રીફર કરાયા હતા.

આ અંગેની વિગત એવી છે કે, જર, જમીન અને જોરુ તે કજીયાના છોરૂની કહેવતને સાર્થકનો કિસ્સો બન્યો છે. બનાસકાંઠા જીલ્લામાં ક્રાઇમની ઘટના દિન-પ્રતિદિન વધી રહી છે.

ત્યારે સોમવારે વધુ એક ક્રાઇમની ઘટના સામે આવી છે. ડીસા તાલુકાના બાઈવાડા ગામમાં બંને પિતરાઇ ભાઇ વચ્ચે જમીન બાબતે ઘણા સમયથી સામાન્ય બોલાચાલી થતી હતી.પરંતુ આ બોલાચાલી સોમવારે ઉગ્ર રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું. જ્યાં બંને પરિવાર આમને-સામને ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં મારામારીમાં ૫ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઇ હતી.જેમાં તમામને ૧૦૮ વાન મારફતે ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જે સારવાર દરમિયાન ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.જ્યારે મહેશભાઇ ગણેશાજી માજીરાણા સહીત ૩ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં વધુ સારવાર અર્થે પાલનપુર રીફર કરાયા હતા.

આ હુમલામાં ચેલાભાઇ મહેશભાઇ માજીરાણા અને શારદાબેન ચેલાભાઇ માજીરાણાનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે ડીસા તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરી છે.

### ૪૫૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો.

# બાલાજી મિત્ર મંડળ દ્વારા નિઃશુલ્ક શ્રમકાર્ડ રજીસ્ટ્રેશન કેમ્પ’ યોજાયો

શુલ્ક શ્રમ કાર્ડ રજીસ્ટ્રેશન કેમ્પનું સ્વામીનારાયણ ચોક ખાતે આયોજન કરવામાં આવેલું હતું. ‘ઈશ્રમ‘ એ અસંગઠીત કામદારોનો રાષ્ટ્રીય ડેટા બેઝ એકત્રિત કરે છે. જેનાં દ્વારા કામદારો તેમનાં માટે બનેલી વિવિધ યોજનાઓનાં ફાયદાઓ લઈ શકે. શ્રમકાર્ડ બનાવીને કોઈ વ્યકિત રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીનો મફત વીમો મેળવી શકે છે. કેન્દ્ર સરકારની મહત્વની કલ્યાણકારી યોજનાઓનો લાભ અને પછીથી પેન્શન જેવી સુવિધાઓનો લાભ લઈ શકે છે, કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા કોઈપણ યોજના ચલાવવામાં આવે છે, તે તમામ યોજનાઓનો લાભ કાર્ડ ધારક મેળવી શકે છે, આ ઉપરાંત અન્ય નાણાકીય સહાય અને સામાજિક સુરક્ષા યોજનનાં લાભો પણ તે મેળવી શકે છે. આ કેમ્પમાં ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી આયોજકોને બિરદાવ્યા હતાં.




શ્રી બાલાજી મિત્ર મંડળ તથા વોર્ડ નં. ૧૩ નાં કોર્પોરેટર નિતીનભાઈ રામાણી, જયાબેન હરીભાઈ ડાંગર, સુરેન્દ્રસિંહ વાળા, જીતુભાઈ સેલારા, તથા કેતનભાઈ વાછાણી, ધીરૂભાઈ તરાવીયા, રામભાઈ, વિજયભાઈ ટોળીયા તથા વડીલોના સહકારથી ×નિઃશુલ્ક શ્રમકાર્ડ રજીસ્ટ્રેશન કેમ્પ×નું સ્વામીનારાયણ ચોક ખાતે આયોજન કરવામાં આવેલું હતું. આ કેમ્પમાં ૪૫૦ થી વધુ લાભાર્થીઓ લાભ લીધો હતો.

આ કેમ્પને સફળ બનાવવા માટે મીત હિતેષભાઈ ખખ્ખર (મો.૮૪૮૮૦ ૧૧૧૧૦), સુમિત પઢીયાર, ભાનો સોઢા, મિત શીંગાળા, સમીપ રાજપોપટ, ભાવિક મારૂ, દર્શિલ મહેતા, કિશન કારેલીયા, પ્રણવ કારીયા, સાવન હરીયાણી, નિર્મલ ઝાલાવડીયા વિગેરેની ટીમે જહેમત ઉઠાવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.